# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425





26 DECEMBER, 2025 FRIDAY



પેજ 2  કર્ણાટકમાં ટ્રક સાથે બસ અથડાતાં આગ ફાટી નીકળી : નવનાં મોત

પેજ 3  ડભોઈ-સંખેડા મુખ્ય માર્ગ પર ધૂળની ડમરીઓથી વાહનચાલકો બેહાલ

પેજ 7  850 વર્ષથી ચાલતી અષ્ટમી પૂજા પર રોક

પેજ 5 અંકલેશ્વરના રેલ્વે લાઈન પાસે ચાલતા જુગારધામ ઉપર LCBનો છાપો



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 280 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### હિડમાના ખાતમા બાદ વધુ એક મોટી સફળતા! : રૂા. એક કરોડનો ઈનામી નક્સલી એન્કાઉન્ટરમાં ઠાર

# નક્સલવાદી નેતા ગણેશ ઉઈકેનું એન્કાઉન્ટર

### દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવા માટે અથાક મહેનત કરી રહેલા સુરક્ષા દળો માટે આ એક મોટી અને અભૂતપૂર્વ સફળતા તરીકે જોવામાં આવી રહી છે

• રાયપુર

હિડમાના ખાતમા બાદ સુરક્ષાદળોને વધુ એક મોટી સફળતા મળી છે. ઓડિશાના કંધમાલ જિલ્લામાં સુરક્ષાદળોએ નક્સલવાદી નેતા ગણેશ ઉઈકે સહિત 6 નક્સલવાદીઓને એન્કાઉન્ટરમાં ઠાર કર્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ ગુરુવારે (25 ડિસેમ્બર) આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઓડિશાના કંધમાલના જંગલોમાં એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં માઓવાદી સેન્ટ્રલ કમિટીના સદસ્ય ગણેશ ઉઈકે સહિતના નક્સલવાદીઓનો ખાતમો કરી દેવામાં આવ્યો છે. આરોપી ગણેશ પર રૂ. 1 કરોડનું ઈનામ હતું.

ગણેશ ઉઈકે સહિતના આતંકીના એન્કાઉન્ટર મામલે કેન્દ્રીય ગૃહમંત્રીએ X પર પોસ્ટમાં આ સફળતાને નક્સલમુક્ત ભારતની દિશામાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, 'ઓડિસામાં નક્સલવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે, આ મોટી સફળતા સાથે ઓડિશા નક્સલવાદના સંપૂર્ણ નાબૂદીના આરે છે. અમે 31 માર્ચ, 2026 પહેલા નક્સલવાદને નાબૂદ કરવા માટે કટિબદ્ધ છીએ..'

આ દરમિયાન, ઓડિશામાં નક્સલ વિરોધી કામગીરીનું નેતૃત્વ કરી રહેલા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, નક્સલ ટીમ અને સીપીઆઈ (માઓવાદી) સેન્ટ્રલ કમિટીના સભ્ય ઉઈકે વચ્ચે ચાકપાડ પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલમાં એન્કાઉન્ટર થયું હતું. ઓડિશામાં પ્રતિબંધિત સંગઠનના વડા તરીકે કાર્યરત ગણેશ ઉઈકે પર રૂ.1.1 કરોડનું ઈનામ હતું. 69 વર્ષીય ગણેશ ઉઈકેના અનેક ઉપનામો હતા.ગણેશ ઉઈકે પક્કા હનુમંતુ, રાજેશ તિવારી, ચમરૂ અને રૂપાના નામથી ઓળખવામાં આવતો હતો. તે તેલંગાણાના નલગોંડા જિલ્લાના ચેંદૂર મંડલના પુલ્લેમાલા ગામનો રહેવાસી હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ એન્કાઉન્ટરમાં બે મહિલા નક્સલીઓ પણ મોત થયા છે. આ અહેવાલ લખતી વખતે અન્ય નક્સલીઓની ઓળખ જાણી શકાઈ ન હતી. દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવા માટે અથાક મહેનત કરી રહેલા સુરક્ષા દળો માટે આ એક મોટી અને અભૂતપૂર્વ સફળતા તરીકે જોવામાં આવી રહી છે.



### અમેરિકા પાસે 'મેજર નોન નાટો એલાઇ'નું પદ મેળવવા મુનિર ગમે તે હદે જશે

## બેશર્મ પાકિસ્તાન ગાઝાના વિનાશમાંથી લાભ ખાટવા માંગે છે : પરંતુ ભારતથી ડરે છે

નવી દિલ્હી : ગાઝામાં શાંતિ રાખવા માટે રચાનારા 'ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ' (આઈ.એસ.એફ.)માં પાકિસ્તાને ૩૫૦૦ સૈનિકો મોકલ્યા. વાસ્તવમાં હમાસે આ આઈએસએફનો વિરોધ કર્યો હતો. પરંતુ પાકિસ્તાન પાસે 'મેજર-નોન-નાટો એલાઈ'નું પદ મેળવવાની લાલચ હતી તેથી પોતાના ધર્મબંધુઓની પણ વિરૂદ્ધ જઈને મુનીરે અમેરિકાનું શરણું લીધું.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન સરકારે તો આ યોજના ગુપ્ત રાખી હતી પરંતુ ગમે ત્યાંથી તે બહાર પડી ગઈ. અંગ્રેજી વર્તમાનપત્ર 'ડૉન' દ્વારા જણાવવામાં આવ્યું કે, ઈઝરાયલના પ્રચંડ હુમલા પછી ખેદાન મેદાન થઈ ગયેલું ગાઝા અત્યારે ઘેરાબંધીમાં છે.

તેવામાં આઈએસએફનું નેતૃત્વ પાકિસ્તાનની ટુકડીઓ લે તેવી પણ મુનીરે શર્ત મુકી હતી અને પાકિસ્તાનની સેનાના ઉચ્ચાધિકારીઓ તે આઈએસએફનું નેતૃત્વ લે તેવી શર્ત મુકી જે સ્વીકારાઈ છે પણ ખરી (તેમાં ટ્રમ્પનું શું નુકસાન છે ? નુકસાન તો પાકિસ્તાનની પ્રતિષ્ઠાને થવાનું છે)

નિરીક્ષકો કહે છે કે, એ દેવાળિયા દેશને આઈ.એમ.એફ.ની લોન જોઈતી હતી અમેરિકા કહે તો જ તે લોન મળે તેમ હતું તેથી વડાપ્રધાન શહબાઝ શરીફ અને દેશના સર્વેસર્વા થઈ પડેલા મુનીરને ટ્રમ્પની કદમબોસી કરવી પડે તેમ જ હતું.

પાકિસ્તાને ગાઝામાં ટુ સ્ટેટ ફોર્મ્યુલા અમલી કરવા પણ સંમત થયું છે એટલે કે ગાઝા પટ્ટીનો ઉત્તરનો ભૂમધ્ય સમુદ્રને સ્પર્શીને રહેલો પટ્ટો ઈઝરાયલના હાથમાં રહે, દક્ષિણનો રણનો પટ્ટો હમાસના હાથમાં રહે.

આ વાત મહત્ત્વના ઈસ્લામિક દેશોને ગળે ઉતારવા સઉદી અરબસ્તાન, યુએ, કતાર અને ઈજીપ્તની મુલાકાત પણ પાકિસ્તાનના સર્વેસર્વા મુનીરે લીધી હતી. આ સાથે, તેઓએ પાકિસ્તાન માટે 'આર્થિક સલામતી' (લોનની) પણ રજૂઆત કરી હતી. આમ ગાઝાની ધીકતી ધરા પર મુનીર 'ઢેબરા શેકી' રહ્યા છે.અમેરિકાએ પાકિસ્તાને પહેલા આપેલું મેજર નોન-નાટો એલાઈ (એમ.એન.એન.એ.) સ્ટેટસ ૨૦૦૪માં પાછુ ખેંચી લીધું હતું તે ફરી મેળવવા અને આઈએમએફ લોન મેળવવા તે ઝાવા નાખે છે તેને સૌથી વધુ ભીતિ ભારતની છે તેથી તે કીધા કરે છે કે, ભારત ઈઝરાયેલ સાથે ભળી ગયું છે આમ, મુસ્લિમ જગતમાં ભારતને બદનામ કરવા પણ તે રમત રમે છે.

## ઝેલેન્સ્કીએ નાતાલ પર પરોક્ષ રીતે પુતિનના મોતની પ્રાર્થના કરી

• કીવ

ઝેલેન્સ્કીએ યુક્રેનની પ્રજાને સંબોધિત કરતા યુક્રેનની પ્રાચીન લોક માન્યતાનો ઉલ્લેખ કર્યો હતો. નાતાલના દિવસે સ્વર્ગના દરવાજા ખુલી જતા હોવાની માન્યતાનો ઉલ્લેખ કરતા ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે પ્રાચીન કાળથી યુક્રેનના લોકો માને છે કે નાતાલની રાતે સ્વર્ગના દ્વારા ખુલી જાય છે અને તે સમયે તમે તમારી ઈચ્છા વ્યક્ત કરો તો તે ચોક્કસ પૂર્ણ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે આજે આપણે તમામ એક જ સ્વપ્ન જોઈએ છીએ અને એક જ પ્રાર્થના કરીએ છીએ કે આપણા સૌ માટે તે આ દુનિયામાં ન રહે. જો કે તેમણે કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યો ન હતો.

આ નિવેદન એવા સમયે આવ્યો છે જ્યારે રશિયાએ નાતાલની પૂર્વ સંધ્યા અગાઉ યુક્રેનના અનેક વિસ્તારોમાં મોટા પાયે મિસાઈલથી હુમલા કર્યા છે. આ હુમલાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે અને સમગ્ર દેશમાં મોટા પાયે વીજ પુરવઠામાં અવરોધ ઉભો થયો હતો.

આ ઉપરાંત નાતાલના દિવસે પણ રશિયાએ યુક્રેન પર ૧૩૧ ડ્રોન છોડયા હતાં. જો કે યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમે તેમાંથી મોટા ભાગના ડ્રોન તોડી પાડયા હતાં પણ ૨૨ ડ્રોન ૧૫ અલગ અલગ ક્ષેત્રોમાં પડી નુકસાન પહોંચાડવામાં સફળ રહ્યાં હતાં.ઝેલેન્સ્કીએ પોતાના નાગરિકોને આ હુમલા સામે હિંમતપૂર્વક ઉભા રહેવાની અપીલ કરી હતી અને એ લોકોનો આભાર માન્યો હતો જેમણે પોતાના પ્રાણનો વિચાર કર્યા વગર યુક્રેનની રક્ષા કરી હતી.

### ખાલિદાના પુત્રનું 17 વર્ષ પછી બાંગ્લાદેશમાં પુનરાગમન

## માત્ર મુસ્લિમ નહીં બધા ધર્મો માટે નવું બાંગ્લાદેશ બનાવવાનું છે : તારિક રહેમાન

• ઢાકા

બાંગ્લાદેશમાં ફેબુરઆરી ૨૦૨૬માં સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે બીએનપીના કાર્યકારી અધ્યક્ષ અને પૂર્વ વડાંપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન લગભગ બે દાયકાના નિર્વાસન પછી ગુરુવારે પોતાના દેશ પાછા ફર્યા હતા. બીએનપીના પીએમપદના સંભવિત ઉમેદવાર તારિક રહેમાને ઢાકામાં બાંગ્લાદેશના ભવિષ્ય અંગે પોતાનું વિઝન રજૂ કર્યું હતું. તેમણે દેશની બહુલતા અને વિવિધતા પ્રત્યે સહિષ્ણુતા પર પ્રકાશ પાડતા કહ્યું, આ ભૂમિ મુસ્લિમો, હિન્દુઓ, બૌદ્ધો અને ખ્રિસ્તીઓની છે.



બાંગ્લાદેશમાં લાંબા સમયસુધી શાસન કરનાર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના પ્રમુખ ખાલિદા ઝિયાના પરિવારના ઉત્તરાધિકારી અને હાલમાં બાંગ્લાદેશમાં સૌથી શકિતશાળી પાર્ટીના કાર્યાવહક પ્રમુખ તારિક રહેમાન ૧૭ વર્ષ પછી સ્વદેશ પાછા ફર્યા છે. તેમના માતા અને બીએનપીના અધ્યક્ષા ખાલીદા ઝિયા હજી પથારીવશ છે ત્યારે પાર્ટીના કાર્યવાહ પ્રમુખ તારિક રહેમાન ગુરુવારે લંડનથી ઢાકા આવી પહોંચ્યા હતા. આ સમયે આશરે ૫૦,૦૦૦ જેટલી માનવ મેદનીએ તેઓને એરપોર્ટ પર તેમજ તેઓની મોટરહેડના માર્ગ ઉપર હર્ષનાદો સાથે ભવ્ય આવકાર આપ્યો હતો.

તારીકે ઢાકા પહોંચી બાંગ્લાદેશના લોકોને કરેલા સંબોધનમાં બધા જ વર્ગોના લોકોને રાષ્ટ્રના પુનઃનિર્માણમાં ભાગ લેવા આગ્રહ કર્યો હતો. તેમણે બાંગ્લાદેશના ૧૯૭૧ના મુક્તિ સંગ્રામ, ત્યાર પછીના આંદોલન અને વર્ષ ૨૦૨૪માં શેખ હસીના સરકાર વિરુદ્ધ વ્યાપક વિરોધ પ્રદર્શનોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, ૧૯૭૧ અને ૨૦૨૪માં શહીદ થયેલા લોકોની કલ્પના મુજબ આ દેશને વિકસિત કરવાનું છે. જનતા હવે પોતાની અભિવ્યક્તિની સ્વતંત્રતા અને લોકતાંત્રિક અધિકારોની પુનઃસ્થાપના ઈચ્છે છે. આ દેશ મુસ્લિમો, હિન્દુઓ, બૌદ્ધો અને ખ્રિસ્તીઓનો છે.

## 'દેશમાં ઘૂસણખોરી થાય એ સિસ્ટમની નિષ્ફળતા, ડિપોર્ટનો સરકારને પૂરો અધિકાર'

### શશિ થરૂર ફક્ત સખ્ત વલણ પર જોર આપ્યું નથી, પરંતુ માનવીય મુલ્યોને પણ એટલું જ મહત્ત્વ આપ્યું

• નવી દિલ્હી

દેશમાં ઘૂસણખોરી મામલે કોંગ્રેસ સાંસદ શશિ થરૂરનું નિવેદન સામે આવ્યું છે. ભારતમાં બોર્ડર અને ઈમિગ્રેશન વ્યવસ્થાને લઈને કેન્દ્ર સરકારની જવાબદારી પર જોર દેતા શશિ થરૂરે કહ્યું કે, 'દેશમાં ગેરકાયદે પ્રવાસીઓની હાજરી સિસ્ટમની ગંભીર ખામીને ઉજાગર કરે છે. જો લોકો ગેરકાયદે ભારતમાં પ્રવેશ કરે છે અથવા વિઝાની સમયમર્યાદા પૂરી થઈ હોય છતાં ભારતમાં રહે તો આ બોર્ડર મેનેજમેન્ટ અને ઈમિગ્રેશન કન્ટ્રોલમાં ચૂકનો સંકેત છે.' આ મામલે કડક કાર્યવાહીની જરૂરતને લઈને સરકારના અધિકારોનું થરૂરે સમર્થન કર્યુ હતું.

શશિ થરૂરે કહ્યું કે, 'ઘૂસણખોરો આપણા દેશમાં આવી રહ્યા છે, તો શું આપણી નાકામી નથી? શું આપણે બોર્ડર પર વધુ નિયંત્રણ રાખવા ન જોઈએ?' તેમણે એ પણ સ્પષ્ટ કર્યુ કે, સરકારને આ પ્રકારના ઉલ્લંઘન પર કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. જો કોઈ વ્યકિત ગેરકાયદે દેશમાં રહી રહ્યો છે, જેમાં વિઝાની સમયમર્યાદા પૂર્ણ થઈ હોય અને તો પણ રહેતા હોય તો સરકારને તેને ડિપોર્ટ કરવાનો કાયદાકીય અધિકાર છે.

શશિ થરૂર ફક્ત સખ્ત વલણ પર જોર આપ્યું નથી, પરંતુ માનવીય મુલ્યોને પણ એટલું જ મહત્ત્વ આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'કાયદાનો પાલન કરવો જરૂરી છે, પરંતુ ખાસ કરીને સંવેદનશીલ બોર્ડર-પાર મામલામાં સંતુલિત અને માનવીય દ્રષ્ટિકોણ અપનાવવું જોઈએ. આ મામલે અનેક વખત માનવીય અને રાજકીય બંને પહેલુને નજરઅંદાજ ન કરવું જોઈએ.'

કોંગ્રેસ સાંસદે ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને ભારતમાં રહેવાની અનુમતિ આપવાના નિર્ણયનો પણ બચાવ કર્યો હતો. તેમણે આ નિર્ણયને માનવીય મૂલ્યો પર આધારિત નિર્ણય ગણાવ્યો હતો.

### રૂ.14 કરોડ જપ્ત કરવામાં આવ્યાં

## કર્ણાટકનાં મંત્રીનાં સચિવનાં ઘરે લોકાયુક્તના દરોડા

બેંગાલુરુ : કર્ણાટકની સિદ્ધારમૈયા સરકારમાં પ્રધાન જમીર અહેમદના અંગત સચિવ સરફરાજ ખાનના ઘર અને ઓફિસ પર લોકાયુક્તે એક સાથે દરોડા પાડયા હતાં. રિપોર્ટ અનુસાર આ દરોડામાં લોકાયુક્તની ટીમે ૧૪ કરોડ જપ્ત કર્યા છે.

આ દરોડા બેંગાલુરુની લોકાયુક્ત પોલીસ સ્ટેશનમાં આવકથી વધુ સંપત્તિનો એક કેસ દાખલ થયા પછી પાડવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે જમીર અહેમદને મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાના નજીકના સહયોગી માનવામાં આવે છે.

આ સમગ્ર કેસ સાથે સંકળાયેલ એક લોકાયુક્ત અધિકારીએ જણાવ્યું હતું કે આજ બેંગાલુરુમાં સહકારી વિભાગ નિર્દેશાલયના રહેઠાણ વિભાગમાં પ્રતિનિયુક્તિ પર તૈનાત સરદાર સરફરાજ ખાન સાથે સંકળાયેલા પરિસરોમાં તપાસ કરવામાં આવી હતી.રિપોર્ટ અનુસાર સરફરાજના ઘર અને અન્ય સ્થળોએ પાડવામાં આવેલા દરોડામાં સ્થિર અને ચાલુ બંને પ્રકારની સંપત્તિની માહિતી સામે આવી છે. સ્થિર મિલકતોમાં ચાર રેસિડેન્સિયલ મકાનોના દસ્તાવેજ અને ૩૭ એકર ખેતીની જમીન સામેલ છે. જેની અંદાજિત કીંમત લગભગ ૮.૪૪ કરોડ રૂપિયા બતાવવામાં આવી છે. આ ઉપરાંત દરોડા દરમિયાન મોટા પ્રમાણમાં ચાલુ મિલકતો પણ મળી આવી છે. જેમાં ૩ કરોડ સોનાના ઘરેણા અને જ્વેલરી સામેલ છે. આ ઉપરાંત રોકડ અને મોંઘા વાહન પણ સામેલ છે. આ ઉપરાંત કરોડો રૂપિયા બેંક ખાતાઓમાં જમા હોવાના પુરાવા મળ્યા છે.

## AI થી નોકરીઓ જશે પણ પગાર આકાશને આંબશે

### અનેક કંટાળાજનક કોર્પોરેટ નોકરીઓ રહેશે જ નહી

કેલિફોર્નિયા : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે ૨૦૨૫માં કુલ ૫૪૯ કંપનીઓમાં ૧,૫૦,૦૦૦થી વધુએ નોકરી ગુમાવી હતી. આ વચ્ચે ચેટજીપીટીની કંપની ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેનનું ચોંકાવનારુ નિવેદન સામે આવ્યું છે. સેમે દાવો કર્યો છે કે, આવનારા વર્ષોમાં નોકરીઓમાં ક્રાંતિકારી બદલાવ આવશે અને ૨૦૩૫ સુધીમાં ઘણા સેકટર્સ એવા હશે જેમાં પગારના આંકડા આકાશને આંબશે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશે સેમ ઓલ્ટમેને કહ્યું કે, એઆઈને કારણે ઉત્પાદકતા વધવાની સાથે માણસોની પ્રતિભાની કદર પણ વધશે. ભવિષ્યનું જોબ માર્કેટ આજના કરતા સંપૂર્ણપણે અલગ હશે. આજથી દસ વર્ષ પછી ગ્રેજ્યુએટ થનારા વિદ્યાર્થીઓ ઓફિસની નોકરીઓમાં આજની જેમ કામ નહીં કરે. તેઓ એવા બિઝનેસ અથવા નોકરીઓમાં કામ કરશે જે હજી અસ્તિત્વમાં નથી.એક માણસ દ્વારા ચલાવવામાં આવતી એઆઈ પાવર્ડ કંપનીઓ અબજો ડોલરનું ટર્નઓવર કરશે.

ઓપનએઆઈના સીઈઓએ એવો સંકેત આપ્યો હતો કે, ભવિષ્યની નોકરીઓ અવકાશ સંશોધન અને અન્ય અદ્યતન તકનીકો સાથે સંબંધિત હશે. આ નોકરી આવશે પરંતુ, તે પહેલા મોટા પ્રમાણમાં નોકરીઓ જશે. એઆઈ પહેલા ઘણા એવા રોલને દૂર કરશે જેમાં, એકનું એક કામ અનેક વખત કરવાનું હોય છે. આ સાથે જ એવા રોલ જેમાં કામ અનુમાનિત હોય છે.

જનરેશન-ઝી પ્રત્યે ઈર્ષ્યાની લાગણી વ્યક્ત કરતા સેમ ઓલ્ટમેને કહ્યું કે, જેઓ હવે પોતાની કારકિર્દી શરૂ કરી રહ્યાં છે તેઓ ઈતિહાસના સૌથી મહત્ત્વપૂર્ણ વળાંક પરથી પસાર થઈ રહ્યાં છે. ભાવિ પેઢીઓ આજના કોર્પોરેટ કાર્યોને કંટાળાજનક અને જૂના જમાનાના તરીકે જોશે. થોડા વર્ષોમાં જ એઆઈ કંપનીના મુખ્ય વિભાગો ચલાવવા અને વ્યૂહાત્મક નિર્ણયો લેવા સક્ષમ બનશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# સોનામાં રૂ.141000નું નવું શિખર: દિલ્હી ચાંદી રૂ.9750 ઉછળીને રૂ.227000

## ન્યુયોર્કમાં ભાવ ૭૨ ડોલર સામે ચીનમાં ૭૮ ડોલર

• મુંબઈ

ટેરીફના કારણે અનિશ્ચિત વાતાવરણમાં સેફ હેવન લેવાલી રૂપે ફંડો સોના-ચાંદી તરફ વળતા વૈશ્વિક બજોરોમાં સોના-ચાંદી નવી ટોચ તરફ આગળ વધી રહ્યા છે. વિશ્વ બજારમાં સોનાના ભાવ વધુ ઉછળી ઔસના ઉંચામાં ૪૫૦૦ ડોલર કુદાવી ગયા હતા.આ અહેવાલો પાછળ ભારતીય સોના-ચાંદી બજારમાં આજે દિલ્હી ચાંદીએ રૂ.૨,૨૭,૦૦૦ અને અમદાવાદ સોનાએ રૂ.૧,૪૧,૦૦૦નો નવો વિક્રમ રચ્યો હતો.

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ બ્રેક તેજી વેગથી આગળ વધતાં નાતાલ પૂર્વે કિંમતી ધાતુઓમાં નવી ઊંચી ટોચ દેખાઈ હતી. વિશ્વ બજારમાં ભાવમાં આગઝરતી તેજી જોવા મળી હતી. વિશ્વ બજાર વધુ ઉછળતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો ઘટતાં દેશમાં આયાત થતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઝડપથી વધી ગઈ છે અને તેના કારણે દેશના ઝવેરી બદજારોમાં રોજેરોજ ભાવ કુદકે-ને-ભુસકે વધતાં જતા જોવા મળ્યા હતા.

વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૪૪૮૬થી ૪૪૮૭ વાળા વધી ઉંચામાં ભાવ પ્રથમ વખત ૪૫૦૦ પાર કરી ૪૫૨૪થી ૪૫૨૫ ડોલરની નવી ટોચ બતાવી ત્યારબાદ ભાવ ફરી ઘટી ૪૪૯૪થી ૪૪૯૫ ડોલર રહ્યાના નિર્દેશો હતા. રશિયા-યુક્રેન પછી હવે અમેરિકા તથા વેનેઝુએલા વચ્ચે તણાવ વધતાં તથા ક્રૂડની તેજી વચ્ચે વિશ્વ બજારમાં સોનામાં ફંડો એક્ટીવ રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૬૯.૬૭ ડોલરથી ઉછળી ઉંચામાં ભાવ ૭૨ પાર કરી ૭૨.૭૦ થઈ ૭૨.૭૩થી ૭૨.૭૪ ડોલર રહ્યા હતા. ચીનના બજારોમાં ભાવ વધુ ઉંચા ૭૮ ડોલર સુધી પહોંચી ગયાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ હતી.

વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૯૦૦૦ ઉછળી રૂ.૨૨૧૦૦૦ની નવી ટોચે પહોંચ્યા હતા. અમદાવાદ સોનાના ભાવ આજે ૧૦ ગ્રામના વધુ રૂ.૫૦૦ વધી ૯૯૫ના રૂ.૧૪૦૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૧૦૦૦ બોલાતા નવો રેકોર્ડ થયો હતો. સોનાના ભાવ ત્રણ દિવસમાં રૂ.૪૫૦૦ ઉછળ્યા હતા.

દિલ્હી સોના-ચાંદી બજારમાં આજે ચાંદીમાં રૂ.૯૭૫૦નો ઉછાળો નોંધાતા રૂ.૨,૨૭,૦૦૦ની વિક્રમી સપાટીએ પહોંચી હતી. જ્યારે સોનું રૂ.૫૦ ઘટી૧૪૦૮૦૦ની સપાટીએ રહ્યુ હતુ.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધી ૯૯૫ના રૂ.૧૩૬૦૮૦ તથા ૯૯૯ના રૂ.૧૩૬૬૨૭ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૧૧૦૦૦ વાળા રૂ.૨૧૮૯૫૩ બોલાયા હતા. વિશ્વ બજારમાં અન્ય કિંમતી ધાતુઓ પણ ઉછળતી જોવા મળી હતી. પ્લેટીનમના ભાવ ઔંસ દીઠ ૨૧૭૬ વાળા વધી ઉંચામાં ભાવ ૨૩૮૧ થઈ ૨૩૧૫થી ૨૩૧૬ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઉંચામાં ૧૮૬૨ થઈ ૧૮૩૧થી ૧૮૩૨ ડોલર રહ્યા હતા.મુંબઈ બુલિયન બજારમાં પ્લેટીનમના ભાવ ઉછલી ૧૦ ગ્રામના રૂ.૭૪ હજાર નજીક પહોંચી ગયા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે વધુ દોઢ ટકો વધતાં ૧૨ હજાર ડોલર ઉપર નવી ટોચ બજારમાં જોવા મળી હતી. નવા વર્ષના આગમન પૂર્વે કદાચ ચાંદીના ભાવ ઉછળી રૂપિયા અઢી લાખ થઈ જાય તો નવાઈ નહિં એવું બજારના એનાલીસ્ટો જણાવી રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલમાં પણ તેજી આગળ વધી હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના વધી ૬૨.૭૭ થઈ ૬૨.૫૬ ડોલર તતા યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૫૮.૭૫ થઈ ૫૮.૬૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી.

**ઘટસ્ફોટ** લાખો લાભાર્થીના બેન્ક ખાતા નંબર, ઈમેલ આઈડી, ફોન નંબર ખોટા અપાયા

# પીએમ કૌશલ્ય વિકાસ યોજનામાં વ્યાપક કૌભાંડ : કેગના રિપોર્ટમાં ઘટસ્ફોટ

## સરકારે પીએમકેવીવાયમાં સાત વર્ષમાં રૂ. 14,450 કરોડનો ખર્ચ કર્યો

• નવી દિલ્હી

દેશના યુવાનોને રોજગારી અને આંત્રપ્રિન્યોરશિપ માટે તૈયાર કરવાના આશયથી કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૫માં શરૂ કરેલી પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનામાં વ્યાપક સ્તરે કૌભાંડ થયું હોવાનું સામે આવ્યું છે. કેગે પીએમકેવીવાયમાં અનેક પ્રકારની ગંભીર ખામીઓ અને ગેરરીતિઓનો ઘટસ્ફોટ કર્યો છે. કેગના રિપોર્ટ મુજબ આ યોજના હેઠળના લાભાર્થીઓના બેન્ક ખાતા, ઈ-મેલ આઈડી, મોબાઈલ નંબર સહિતની વિગતો ખોટી દર્શાવાઈ છે. તાલિ કેન્દ્રો પર પણ તાળા લટકતા હોવાનું કેગે જણાવ્યું હતું. સરકારે સાત વર્ષમાં આ યોજના પાછળ રૂ. ૧૪,૪૫૦ કરોડનો ખર્ચ કર્યો હતો. કેગનો આ રિપોર્ટ લોકસભામાં રજૂ કરાયો હતો.

પીએમકેવીવાય યોજનાનો રિપોર્ટ લોકસભામાં રજૂ કરતાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ)એ તેમાં અનેક ખામીઓ અને ગેરરીતિઓનો ઘટસ્ફોટ કર્યો હતો. આ રિપોર્ટ મુજબ આ યોજના હેઠળ અનેક લાભાર્થીઓના બેન્ક ખાતા નંબર ખોટા લખાયા છે. વધુમાં લાભાર્થી યુવાનોના ઈ-મેલ આઈડી, ફોન નંબર ખોટા અપાયા છે. આ સિવાય અનેક લાભાર્થીઓ માટે એક સમાન ફોટાનો ઉપયોગ કરાયો છે. સૈંકડો યુવાનોને તાલિમ આપનારા તાલિમ સેન્ટરો પર તાળા લાગેલા હોવાનું પણ સામે આવ્યું છે.

કેન્દ્ર સરકારે દેશમાં યુવાનોને રોજગારી મળે અને તેમનું કૌશલ્ય વધે તે માટે વર્ષ જુલાઈ ૨૦૧૫માં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (પીએમકેવીવાય) શરૂ કરી હતી. આ યોજના શરૂ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેના હેઠળ યુવાનોને વ્યાવસાયિક, ટેકનિકલ અને કૌશલ્ય વિકાસનું શિક્ષણ અપાશે. આ યોજના ત્રણ તબક્કામાં લાગુ કરાઈ હતી અને તેમાં કુલ રૂ. ૧૪,૫૦૦ કરોડનો ખર્ચ થયો હતો. આ યોજના હેઠળ લાભાર્થી યુવાનના બેન્ક ખાતામાં જ સીધા રૂ.૫૦૦ જમા થવાના હતા. વર્ષ ૨૦૨૨ સુધી આ યોજના ચાલી હતી. આ યોજનાનું સંચાલન સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ (એસડીઈ) મિનિસ્ટ્રીના હાથમાં હતું.

કેગના રિપોર્ટમાં ખુલાસો કરાયો છે કે આ યોજના હેઠળ સ્કિલ ઈન્ડિયા પોર્ટલ પર રેકોર્ડ કરાયેલા બેન્ક એકાઉન્ટ નંબરોમાં વ્યાપક સ્તર પર ગેરરીતિઓ જોવા મળી હતી. ૯૫.૯૧ લાખ ઉમેદવારોમાંથી ૯૦.૬૬ લાખના બેન્ક ખાતાની વિગતોના ખાનામાં 'ઢીરૂ' અથવા 'શેનન' લખાયું હતું અથવા તેને ખાલી છોડી દેવાયું હતું. બાકી બચેલા ૫.૨૪ લાખ ઉમેદવારોમાંથી ૫૨,૩૮૧ ઉમેદવારોના બેન્ક ખાતા નંબરનું બે અથવા વધુ વખત પુનરાવર્તન કરાયું હતું. આ સિવાય બાકી બચેલા ૪.૭૩ લાખથી વધુ ખાતામાં એક જ નંબરનો ઉપયોગ કરાયો હતો, જેમ કે ૧૧૧૧૧૧૧૧૧૧૧ અને ૧૨૩૪૫૬૭૮૯ જેવા નંબરો લખેલા હતા.

કેગે રિપોર્ટમાં સામે આવ્યું છે કે ઉત્તર પ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્ર જેવા અનેક રાજ્યોમાં અનેક લોકોના નામ પર એક જ ફોટો લગાવાયો છે. તેનાથી ખ્યાલ આવે છે કે યોજનાનો ડેટા અને રેકોર્ડ સાચા નથી. ૨૪ અલગ અલગ સેક્ટર્સમાં ૪૦ કરોડથી વધુ યુવાનોને સ્કિલ ટ્રેનિંગની જરૂર હતી, પરંતુ ટ્રેનિંગ આપતા પહેલાં એ તપાસ ના કરાઈ કે કઈ નોકરી માટે કેટલી અને કઈ ભૂમિકાની જરૂર છે.

કેગે જણાવ્યું કે, આ યોજના હેટળ તાલિમ કેન્દ્રોની પસંદગી પારદર્શી નહોતી અને અનેક સંસ્થાઓને બેસ્ટ-ઈન-ક્લાસનો દરજ્જો અપાયો, પરંતુ તે આ સેન્ટર ચલાવવાને યોગ્ય નહોતા. અનેક તાલિમ કેન્દ્રો બંધ પડેલા હતા, પરંતુ આ યોજના હેઠળ કાગળો પર તેને ચાલુ બતાવાયા હતા. આ સિવાય કેગની ટીમે તાલિમ કેન્દ્રોના ફિઝિકલ નિરીક્ષણમાં પણ ભારે ગેરરીતિઓ ઉજાગર કરી હતી. જેમ કે, એક જ અધિકારીએ એક જ દિવસમાં ઉત્તર પ્રદેશ, બિહાર, આંધ્ર પ્રદેશ, ગુજરાતમાં અનેક કેન્દ્રોની ફિઝિકલ મુલાકાત લીધી હોવાનું દર્શાવ્યું.

ઓડિટ દરમિયાન કેગે લાભાર્થીઓનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમાં તેઓ નિષ્ફળ રહ્યા. ૩૬.૫૧ ટકા ઈ-મેલ ડિલિવર થઈ શક્યા નહીં, કારણ કે તે ખોટા હતા. જે લોકો સુધી ઈ-મેલ પહોંચ્યા તેમાંથી માત્ર ૩.૯૫ ટકાએ જ પ્રતિક્રિયા આપી, જેમાંથી મોટાભાગના તાલિમ કેન્દ્રો અથવા ભાગીદારોના આઈડીથી જ જવાબ અપાયા હતા. કેગના રિપોર્ટ પછી કેન્દ્રીય કૌશલ્ય વિકાસ મંત્રાલયે કબૂલ્યું કે, પ્રારંભિક તબક્કામાં વ્યવસ્થાગત ખામીઓ હતી, પરંતુ હવે સુધારાત્મક પગલાં લેવાયા છે. હવે આધાર પ્રમાણિત ઈ-કેવાયસી, ફેસ-ઓથેન્ટિકેશન, જિયો-ટેગ હાજરી અને ક્યુઆર-કોડેડ ડિજિટલ પ્રમાણપત્ર જેવી અનેક સિસ્ટમ સામેલ કરાઈ છે. આ સિવાય દોષિત સંસ્થાઓ વિરુદ્ધ વસૂલીની કાર્યવાહી શરૂ કરાઈ છે.

અકસ્માત થયો તેની બરાબર પાછળ 42 બાળકો સાથેની સ્કૂલ બસ આવતી હતી

# કર્ણાટકમાં ટ્રક સાથે બસ અથડાતાં આગ ફાટી નીકળી : સળગી જતાં નવનાં મોત

**કરૂણાંતિકા** આગમાં લપેટાયેલી બસમાંથી ઘાયલ મુસાફરોને માંડ બહાર કઢાયા

ચિત્રદુર્ગ : કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લાના હિરિયૂર તાલુકાના નેશનલ હાઈવે પર ટ્રક અને બસ વચ્ચે ભયાવહ અકસ્માત થયો હતો. ટ્રક બસ સાથે એટલી તીવ્રતાથી ટકરાયો હતો કે તુરંત આગ ફાટી નીકળી હતી. બસ આખી બળીને ખાક થઈ ગઈ હતી અને તેની સાથે નવ મુસાફરો પણ ભડથું થઈ ગયા હતા. આ અકસ્માતના કારણે કલાકો સુધી નેશનલ હાઈવે બંધ રાખવાની ફરજ પડી હતી. પીએમ મોદીએ આ અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી અને મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયાની સહાય જાહેર કરી હતી.

બેંગ્લુરુથી શિવમોગ્ગા જઈ રહેલી સ્લીપર બસ સાથે ડિવાઈડર કૂદાવીને બેકાબૂ બનેલો ટ્રક ધડાકાભેર ટકરાયો હતો. આ ટક્કર સાથે જ ભીષણ આગ ફાટી નીકળી હતી. ટ્રક ડ્રાઈવરનું મોત થયું હતું. બસના મુસાફરો પણ બળીને ખાક થયા હતા. બસમાં એટલી વિકરાળ આગ લાગી ગઈ હતી કે મહામહેનતે ગંભીર રીતે દાઝેલા મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. રાહત અને બચાવ કામગીરી તુરંત શરૂ કરવામાં આવી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર અપાઈ હતી. આ ઘટનાના પગલે આખો રસ્તો કલાકો સુધી બંધ પડયો હતો. પરિણામે ટ્રાફિક જામ સર્જાયો હતો. મૃતકોની ઓળખની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે ટ્રક ડ્રાઈવરની બેદરકારીથી આ અકસ્માત થયો હતો. બસમાં ડ્રાઈવર સહિત કુલ ૩૨ લોકો સવાર હતા.

આ ઘટના નજરે જોનારા લોકોએ અકસ્માતની દર્દનાક ઘટના વર્ણવી હતી એ પ્રમાણે અકસ્માત પછી તુરંત આગ ફાટી નીકળી હતી એટલે બસમાંથી મુસાફરોની મરણચીસો સંભળાતી હતી. બસમાંથી હૈયાફાટ રૂદન સંભળાતું હતું. બસના દરવાજા અને બાકી ખોલવાની કોશિશ અંદરથી મુસાફરો કરતા હતા, પરંતુ એમાં પણ મુશ્કેલી પડી હતી. બહારથી આવીને લોકોએ બસમાંથી મુસાફરોને બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરી ત્યાં સુધીમાં ઘણાં દાઝી ગયા હતા. ટ્રક બસની ડિઝલ ટેન્ક પાસે ટકરાયો હોવાથી આગ ફાટી નીકળી હતી. વીડિયો વાયરલ થયા એમાં જોવા મળ્યું કે ઘણાં લોકો બસમાં આગ લાગી ત્યારે દૂરથી જોતાં હતા. મદદ માટે નજીક આવ્યા નહીં. તેના કારણે મૃત્યુઆંક ઊંચો ગયો અને કેટલાય લોકો ઈજાગ્રસ્ત બન્યાં.અકસ્માત નડયો તે બસની બરાબર પાછળ જ એક સ્કૂલ બસ આવતી હતી. એમાં ૪૨ બાળકો હતા.

આગળની બસની ટક્કર થઈ ત્યારે પાછળ આવી રહેલી સ્કૂલ બસના ડ્રાઈવરે કૂનેહથી બસ પર કાબૂ રાખ્યો હતો. જો જરા સરખી બેદરકારી રહી હોત તો પાછળની સ્કૂલ બસ પણ આ ટ્રક અને બસ સાથે ટકરાઈ હોત. એવું થયું હોત તો ભૂલકાઓ પણ અગનજ્વાળામાં સપડાયા હોત.



# હાઈકોર્ટમાં સેંગરના જામીનની ચર્ચા અંગ્રેજીમાં થઈ, કંઈ ખબર ના પડી : પીડિતા

## ઉન્નાવ બળાત્કારના દોષિત સેંગરને જામીન સામે સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને ઉન્નાવ બળાત્કાર કેસના આરોપી કુલદીપ સેંગરને દિલ્હી હાઈકોર્ટે જામીન આપી દીધા. એટલું જ નહીં તેને સંભળાવાયેલી સજા પણ સસ્પેન્ડ કરી દીધી. હાઈકોર્ટના આ આદેશથી પીડિતા અને તેનો પરિવાર ભારે ભયભીત થઈ ગયા છે. જોકે, પીડિતાએ હાઈકોર્ટના ચૂકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો દાવો કર્યો છે. તેણે કહ્યું કે, મારા શરીરમાં ૨૫૦ ટાંકા છે, હાથ-પગમાં સળીયા નાંખેલા છે. હાઈકોર્ટમાં મારા કેસની સુનાવણી અંગ્રેજીમાં થતી હતી. મને કંઈ ખબર ના પડી.

ઉત્તર પ્રદેશના ઉન્નાવ બળાત્કાર કેસના દોષિત કુલદીપસિંહ સેગરને દિલ્હી હાઈકોર્ટે જામીન આપી દીધા છે. સાથે જ તેની સજા પણ રદ કરી દીધી છે. હાઈકોર્ટના આ આદેશ વિરુદ્ધ અંજલે પટેલ અને પૂજા શિલ્પકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ બંને અરજદારોએ સેંગરના જામીન રદ કરવા માગ કરી છે. જોકે, અંજલે અને પૂજા બંને ક્યારેય આ કેસમાં પક્ષકાર રહ્યા નથી. દિલ્હી હાઈકોર્ટના ચૂકાદા અંગે ઉન્નાવની પીડિતાએ પીડા વ્યક્ત કરતા કહ્યું કે, સેંગરના જામીનનો વિરોધ કરવા તે દિલ્હી હાઈકોર્ટ ગઈ હતી, પરંતુ હાઈકોર્ટમાં કેસની ચર્ચા અંગ્રેજીમાં થતી હતી. મને કશી જ ખબર ના પડી અને સેંગરને જામીન આપી દેવાયા. હિન્દીમાં ચર્ચા થતી હોત તો હું કંઈક કહી શકત. હું પૂછી શકત કે મારી સાથે આવું કેમ થઈ રહ્યું છે.




પીડિતાએ કહ્યું કે, સેંગરના જામીનના વિરોધમાં તેણે ઈન્ડિયા ગેટ પર દેખાવો કરવાનો પ્રયત્ન કર્યો હતો, મારા આખા શરીરમાં ૨૫૦ ટાંકા છે. હાથ-પગમાં સળીયા નાંખ્યા છે, છતાં પોલીસે બળજબરીથી ખેંચી અને ગાડીમાં નાંખી હતી. હાઈકોર્ટનો ચૂકાદો સાંભળીને મને આત્મહત્યા કરવાના વિચાર આવવા લાગ્યા હતા, પરંતુ બાળકો અને પરિવાર તરફ જોઈને વિચાર્યું મરવાથી ન્યાય નહીં મળે. પીડિતાએ આક્ષેપ કર્યો કે સેંગરના જામીનની પ્રક્રિયા સમયે અને ત્યાર પછી તેના પરિવાર અને સાક્ષીઓની સુરક્ષા હટાવી લેવાઈ હતી. મારા કાકાના જામીન નકારી દેવાયા છે. તેમણે કોઈ ગૂનો નથી કર્યો છતાં સાત વર્ષથી જેલમાં છે. આજે મારી સાથે જે થયું છે, તે કાલે મારી પુત્રી સાથે પણ થઈ શકે છે. હાઈકોર્ટના ચૂકાદાએ તેના આખા પરિવારને ભયભીત કરી દીધો છે.

# બાંગ્લાદેશમાં દીપુ, શ્યામ પછી હવે વધુ એક હિન્દુની ટોળાએ હત્યા કરી

## અમૃતને ટોળાએ મારપીટ કરી મારી નાંખ્યો, સાથી સલીમને પોલીસને સોંપ્યો : માંડલ ખંડણીની વસૂલાત કરતો હોવાનો આક્ષેપ

ઢાકા : બાંગ્લાદેશમાં ઓગસ્ટ ૨૦૨૪માં તત્કાલિન વડાંપ્રધાન શેખ હસિનાના તખ્તા પલટ પછીથી હિન્દુઓ વિરુદ્ધ અત્યાચાર અને હત્યાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. શેખ હસીના વિરુદ્ધ આંદોલન કરનારા કટ્ટરવાદી વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીની હત્યા પછી બાંગ્લાદેશમાં ફરીથી હિન્દુઓની હત્યા શરૂ થઈ છે. દીપુચંદ્ર દાસ, શ્યામ મજૂમદાર પછી હવે વધુ એક હિન્દુ અમૃત માંડલની ટોળાએ મારપીટ કરીને હત્યા કરી છે.

બાંગ્લાદેશમાં દોઢ વર્ષ કરતાં વધુ સમયથી ફેલાયેલી અરાજક્તા અને અશાંતિ વચ્ચે રાજાબાડી જિલ્લાના પાંગશા ઉપજિલ્લામાં બુધવારે મોડી રાતે હિન્દુ યુવક અમૃત માંડલની ટોળાએ ખૂબ જ માર મારીને હત્યા કરી હતી જ્યારે તેના મુસ્લિમ સાથીની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે અમૃત માંડલ પર બળજબરીથી વસૂલીનો આક્ષેપ કર્યો હતો. પોલીસે કહ્યું કે, બુધવારે મોડી રાતે ૧૧.૦૦ કલાકે કલીમોહર યુનિયનના હોસેદંગા ગામમાં અમૃત માંડલની હત્યા કરાઈ હતી. ત્યાર પછી ગામમાં ભયનું વાતાવરણ છવાયેલું છે. પોલીસે ઘટના સ્થળેથી સમ્રાટના સાથી મોહમ્મદ સલીમની ધરપકડ કરી હતી અને તેની પાસેથી બે હથિયાર પણ જપ્ત કર્યા હતા. પોલીસે કહ્યું કે, અમૃત અને તેના સાથીઓએ શાહિદુલ નામની વ્યક્તિ પાસેથી ખંડણી માગી હતી. બુધવારે રાતે બંને શાહિદુલના ઘરે ખંડણીની રકમ લેવા ગયા હતા. સ્થાનિક લોકોએ અમૃત માંડલને પકડી લીધો અને તેની ક્રૂરતાપૂર્વક મારપીટ કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો.બાંગ્લાદેશમાં પૂર્વ પીએમ શેખ હસીના વિરુદ્ધ આંદોલન કરનારા કટ્ટરવાદી નેતા શરીફ ઓસ્માન હાદીની હત્યા પછી હિન્દુઓ પર અત્યાચાર વધી ગયા છે. એવામાં છેલ્લા આઠ દિવસમાં કટ્ટરવાદી ટોળા દ્વારા ત્રણ હિન્દુઓની માર મારીને હત્યા કરાઈ હતી. હાદીની મોતના દિવસે ૧૮ ડિસેમ્બરે કટ્ટરવાદી ટોળાએ ઈશનિંદાના આક્ષેપ હેઠળ હિન્દુ યુવક દીપુચંદ્ર દાસની હત્યા કરી હતી અને તેને ઝાડ પર ફાંસીએ લટકાવી સળગાવી દીધો હતો.

# ગ્રીન ટી, ફ્લાવર ટી અને હર્બલ ટીને હવે ‘ચા’ કહી શકાશે નહી

નવી દિલ્હી : ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-એફએસએસએઆઈના નવા નિર્દેશ પ્રમાણે માત્ર કેમેલિયા સાઈનેન્સિસના છોડને જ ચા કહેવાશે. હર્બલ ટી, ગ્રીન ટી કે ફ્લાવર ટી એવી કોઈ પણ પ્રકારની ટી હવે ચા કહેવાશે નહીં. તેનું ચા કહીને બ્રાન્ડિંગ કરવું ગેરકાયદે ગણાશે. આ નિર્દેશનું પાલન નહીં કરે તેની સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬નું ઉલ્લંઘન ગણીને કાર્યવાહી કરાશે.

અત્યારે માર્કેટમાં ચા ઉપરાંત અનેક ચા મળે છે. હર્બલ ટીથી માંડીને ગ્રીન ટી, કાંગડા ટી, ઈન્સ્ટન્ટ ટી વગેરે ચાને ચા કહી શકાશે નહીં. ચા માત્ર કેમેલિયા સાઈનેન્સિસના છોડમાંથી બનશે તેને જ ચા કહેવાશે. ખરીદ, વેચાણ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ, ઈ-કોમર્સ એ તમામને આ નવો નિર્દેશ લાગુ પડશે. જો ચા સિવાય ક્યાંય ચાનો ઉપયોગ બ્રાન્ડિંગમાં થશે તો તેની સામે કાર્યવાહી થઈ શકશે.એફએસએસએઆઈએ આ પગલું એટલે ભર્યું કે અત્યારે ચાની વ્યાખ્યામાં બહુ જ ભ્રમ ફેલાઈ રહ્યો છે. કેટલીય પ્રોડક્ટ જુદી જુદી પ્રકારની ચા ગણાવીને વેચાઈ રહી છે. એફએસએસએઆઈના પગલાંથી એવો દાવો થઈ રહ્યો છે ભ્રમ ફેલાતો અટકશે અને ગ્રાહકોને ચાની ઓળખ કરવામાં સરળતા રહેશે. હર્બલ ફ્યૂઝન હશે તો એ પણ ચા ગણાશે નહીં. અત્યારે એવા કેટલાય ફ્યૂઝન માર્કેટમાં ઉપલબ્ધ છે, જેમાં ચા લખવામાં આવે છે અને તેનું બ્રાન્ડિંગ એ રીતે કરીને કમાણી થાય છે.

ટ્રમ્પને પ્રમુખ તરીકે ફીમાં જંગી વધારો કરવાની સત્તાઃ કોર્ટ

# એચ-1બી વિઝા માટે ટ્રમ્પની એક લાખ ડોલરની ફીને કોર્ટે મંજૂરી આપી

• વોશિંગ્ટન

અમેરિકન ફેડરલ જજે ટ્રમ્પે એચ-૧બી વિઝા ફીમાં જંગી વધારો કરીને એક લાખ ડોલર કરી તેને મંજૂર કરી છે અને તેની સાથે પ્રમુખ તરીકે ટ્રમ્પને આ પ્રકારના નિર્ણયો લેવાની સત્તા હોવાનું કહેતા અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ અને ટ્રમ્પને પડકારનારા ૧૮ ડેમોક્રેટ્સ રાજ્યોને મોટો ફટકો પડયો છે. તેઓ હજી પણ આગળ આ નિર્ણયને પડકારી શકે છે, પરંતુ હાલમાં તો ટ્રમ્પના નિર્ણયને કોર્ટે યોગ્ય ઠેરવ્યો છે.

ટ્રમ્પનો આ નિર્ણય અમેરિકન ટેકનોલોજી કંપનીઓ અને અમેરિકાના તે ઉદ્યોગો માટે મોટો ફટકો છે જે વિદેશી કામદારો પર વધુને વધુ પ્રમાણમાં નિર્ભર છે. આ ચુકાદો એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકન વહીવટીતંત્ર વધુ વેતન મેળવનારા એચ-૧બી વિઝાધારકોની તરફેણમાં લોટરી સિસ્ટમમાં સુધારો કરવા પગલાં ઉઠાવી રહ્યું છે.અમેરિકાના ડિસ્ટ્રિક્ટ જજ બેરિલ હાવેલે જણાવ્યું હતું કે ટ્રમ્પે લોકપ્રિય વિઝા કાર્યક્રમની ફીમાં જંગી વધારો કરીને પોતાના કાયદાકીય અધિકાર ક્ષેત્રની અંદર કામ કર્યું છે.આ નિર્ણય અમેરિકન વર્કરોને રોજગાર આપવાના વ્યાપક પ્રયત્નો દર્શાવે છે. આ ચુકાદાના પગલે ટ્રમ્પ તંત્રને કાયદાકીય પડકારો ચાલુ રહેવા દરમિયાન પણ એક લાખ ડોલરની એચ-૧બી વિઝા ફી અમલમાં મૂકવાની છૂટ મળી ગઈ છે. જજ હાવેલે યુએસ ચેમ્બર ઓફ કોમર્સની તે દલીલને ફગાવી દીધી હતી કે ટ્રમ્પ પાસે વિઝા ફીમાં વધારો કરવાની સત્તા જ નથી. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે પ્રમુખને આ પ્રકારની બાબતો સામે કામે કરવા માટે વ્યાપક અધિકાર આપ્યા છે, જેમને તે રાષ્ટ્રીય અને આર્થિક સુરક્ષા સંલગ્ન ચિંતાઓ સાથે જોડાયેલો માને છે.

ચેમ્બરે તેની દલીલમાં જણાવ્યું હતું કે ટ્રમ્પે ફીમાં કરેલા જંગી વધારાના કારણે એચ-૧બી વિઝા પર આધારિત કારોબારોના શ્રમ ખર્ચમાં નાટકીય વધારો થશે અથવા તો તે બહુ જ ઓછા પ્રમાણમાં વિદેશી સ્કિલ્ડ વર્કરોની આયાત કરી શકશે. યુએસ ચેમ્બર ઉપરાંત ડેમોક્રેટિક રાજ્યો, કંપનીઓના સંગઠનો, સ્વયંસેવી સંગઠનો અને ધાર્મિક સંગઠનોએ પણ ટ્રમ્પના ફીના આદેશને પડકાર્યો છે. ડેમોક્રેટિક ઓબામાના કાર્યકાળમાં નીમાયેલા ન્યાયાધીશે જણાવ્યુ હતું કે ટ્રમ્પનો એચ-૧બી વિઝા ફીમાં વધારાનો નિર્ણય યોગ્ય છે. તેમણે તેના સમર્થનમાં ઘણા ઉદાહરણો આપ્યા હતા જેમા કંપનીઓએ હજારો અમેરિકન કામદારોની છટણી કરીને તેના સ્થાને એચ-૧બી વિઝાધારકોને નોકરી પર રાખ્યા હતા. એચ-૧બી વિઝા પર બનેલો એક લાખ ડોલર ફીનો નવો નિયમ ૨૭ ફેબુરઆરી ૨૦૨૬થી અમલમાં આવવાનો છે. હાલમાં ટ્રમ્પ તંત્ર વર્ષે ૬૫ હજાર વિઝા આપે છે. તેની સાથે ઊંચી ડિગ્રી ધરાવનારાઓ માટે ૨૦ હજાર વધુ વિઝા પણ ઉપલબ્ધ છે. અત્યાર સુધી તેને સંલગ્ન દર સામાન્ય રીતે બે હજારથી પાંચ હજાર ડોલર હતો. હવે તેને વધારીને સીધો એક લાખ ડોલર કરાયો છે. આ નવા વિઝા નિયમથી સૌથી વધુ અસર ભારતીયોને પડશે, કેમકે વિઝા મેળવવામાં સૌથી વધુ હિસ્સેદારી ભારતીયોની છે.

# શહેરાના જેઠા ભરવાડે વિધાનસભાના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું

### CM, વિશ્વકર્મા, રત્નાકરની હાજરીમાં શંકર ચૌધરીને રાજીનામું સોંપ્યું

• ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીરે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીના નિવાસસ્થાને જઈને રાજીનામું સોંપ્યું હતું. જેનો વિધાનસભાના અધ્યક્ષે તત્કાલ સ્વીકાર કર્યો છે. જેઠાભાઈ આહીરે કામનું ભારણ વધુ હોવાથી અને અન્ય હોદ્દાઓ અને સામાજિક જવાબદારીઓની વ્યસ્તતાને કારણે આ પદ છોડવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ રાજીનામાની પ્રક્રિયા દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં આ રાજીનામું સોંપવામાં આવ્યું હતું. સંગઠનના કાર્યો અને અન્ય વહીવટી જવાબદારીઓને પૂરતો સમય આપી શકાય તે હેતુથી જેઠાભાઈએ આ પગલું ભર્યું હોવાનું લોકમુખે ચર્ચાય રહ્યું છે, જેની હવે ગુજરાતના રાજકારણમાં ચર્ચા થઈ રહી છે. જેઠાભાઈ ભરવાડના રાજીનામા અંગે ભાજપના નેતા જીતુ વાઘાણીએ જણાવ્યું કે, જેઠાભાઈ ભાજપના સ્વીકૃત અને મોટાગજાના નેતા છે અને આજે પણ જનતાના હૃદયમાં વસે છે. સમયની વ્યસ્તતા કારણે તેઓએ પાર્ટીને રાજીનામું આપવા અંગે અનેક વખત રજૂઆત કરી હતી. જેઠાભાઈના પ્રયાસોથી દૂધ મંડળીઓને પંચમહાલ ડેરીમાં સીધા પૈસા મળતા થયા હતા, જે ખેડૂતો માટે લાભદાયી સાબિત થયું છે. આજે અધ્યક્ષના નિવાસે જેઠાભાઈએ ઉપાધ્યક્ષ પદેથી સ્વેચ્છાએ રાજીનામું આપ્યું હોવાનું જીતુ વાઘાણીએ જણાવ્યું. પોલીસ કોન્સ્ટેબલમાંથી ધારાસભ્યપદ સુધી પહોંચનારા જેઠાભાઈ ભરવાડ સતત વિવાદમાં રહ્યા છે. ગુજરાત વિધાનસભાની 2012ની ચૂંટણીમાં અંતિમ તબક્કામાં શહેરા વિધાનસભા સીટનાં તરસંગ ગામે જૂથઅથડામણની ઘટના બની, જેમાં જેઠા ભરવાડના માથે ઈજા પહોંચી હતી. સમગ્ર ચૂંટણીમાં આ ઘટનાને કદાચ સૌથી મોટી જૂથઅથડામણની ઘટના ગણી શકાય.

## ગાંધીનગર : CM ભુપેન્દ્ર પટેલના હસ્તે ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી-2025નું લોન્ચિંગ:2030 સુધીમાં 100 GWથી વધુ ક્ષમતાનો લક્ષ્યાંક

• ગાંધીનગર

સુશાસન દિવસની ઉજવણી દરમિયાન ગાંધીનગરમાં ગુજરાત સરકાર તરફથી રાજ્યની ઊર્જા નીતિમાં મહત્વપૂર્ણ ફેરફાર જાહેર કરવામાં આવ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી-2025 લોન્ચ કરાઈ છે. આ નવી નીતિ હેઠળ ગુજરાતે 2030 સુધીમાં 100 ગીગાવોટથી વધુ રિન્યુએબલ એનર્જી ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. નવી પોલિસી મુજબ રાજ્યમાં સોલાર, વિન્ડ અને હાઈબ્રિડ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન મળશે, સાથે જ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)ને મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ગ્રીડ સ્થિરતા જળવાઈ રહે અને વીજ પુરવઠો સતત મળી રહે તે માટે સંગ્રહ ક્ષમતાવાળા પ્રોજેક્ટ્સને સીધો ટેકો આપવામાં આવશે. આ વ્યવસ્થા માટે જરૂરી સ્થળો GEDA દ્વારા GETCO અને ડિસ્કોમ્સ સાથે સંકલન કરીને નક્કી કરવામાં આવશે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં લાંબી પ્રક્રિયા અને વિલંબ અંગે ઉદ્યોગ જગતમાં રહેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને, નવી નીતિમાં કેપ્ટિવ અને થર્ડ પાર્ટી પ્રોજેક્ટ્સ માટે કમિશનિંગ સમયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવી છે.

**પહેલ** ખેડૂતોમાં વિશ્વાસ, આમ આદમી પાર્ટી પ્રત્યે વધતો લગાવ

# પોરબંદર કિસાન ન્યાય યાત્રા ચોથા દિવસે બખરલામાં ખેડૂતો ના હક અને ગામડાના પ્રશ્નો માટે આમ આદમી પાર્ટીની સંઘર્ષમય પહેલ

### ખાંભોદરથી નાગકા અને બખરલા સુધી જનસંપર્ક પદયાત્રાના રાત્રિ વીરામ






• વિરમભાઈ કે. આગ

ખેડૂતોના પ્રશ્નો, ગામડાઓમાં વર્ષોથી અણઉકેલ રહેલા લોકહિતના મુદ્દાઓ અને ખેતીને લગતી તાત્કાલિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખી આમ આદમી પાર્ટીની આગેવાનીમાં પોરબંદર તાલુકાના મોઢવાડા ગામેથી "પોરબંદર કિસાન જનસંપર્ક પદયાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાને "કિસાન ન્યાય યાત્રા" તરીકે ઓળખાવવામાં આવી રહી છે, જે ખેડૂતોના હક અને ન્યાય માટે એક મજબૂત અવાજ બની રહી છે. આ કિસાન ન્યાય યાત્રા આજે વહેલી સવારે ખાંભોદર ખાતેથી શરૂ થઈ હતી અને બપોરે નાગકા ખાતે પહોંચી હતી. માર્ગ દરમિયાન પદયાત્રીઓએ ખેડૂતો સાથે સીધો સંવાદ સાધ્યો, ખેતરોમાં જઈ તેમની સમસ્યાઓ સાંભળી અને ખેતીને લગતા પાણી, વીજળી, ભાવ, પાક વીમા અને બજાર વ્યવસ્થાના મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. નાગકા ગામના એક ખેડૂતના ખેતરમાં પદયાત્રીઓએ ખેડૂતોને વિશ્વાસ અપાવ્યો હતો કે આમ આદમી પાર્ટી સાચા અર્થમાં સામાન્ય જનતા અને ખેડૂતોની સંવેદના ધરાવતી પાર્ટી છે અને તેમના હક માટે સતત સંઘર્ષ કરતી રહેશે. પદયાત્રા દરમ્યાન નાગકા ખાતે અઢારે વર્ણમાં પૂજાતા માતા લીરબાઈઆઈના અનન્ય ભક્ત સંત પુંજા આતાના મંદિરે ખેડૂત નેતા હિતેષભાઈ મોઢવાડીયા, પોરબંદર વિધાનસભા પ્રભારી ભાર્ગવ જોષી, હિતેષભાઈ બાપોદરા, સંજયભાઈ સહિત તમામ પદયાત્રીઓએ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા અને ખેડૂતોના સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. નાગકા ખાતે પાદરમાં આવેલા આશ્રમમાં પદયાત્રીઓ માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે મોટી સંખ્યામાં ગ્રામજનો આશ્રમમાં ઉપસ્થિત રહી આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. ગ્રામજનોએ ખેડૂતોના પ્રશ્નો અંગે ખુલ્લેઆમ ચર્ચા કરી અને આમ આદમી પાર્ટી પ્રત્યે વધતા વિશ્વાસની લાગણી વ્યક્ત કરી હતી. નાગકાથી આગળ પદયાત્રા બાવળવાવ, ગોઢાણા, કાટવાણા થઈને બખરલા ખાતે પહોંચી હતી. સમગ્ર માર્ગ દરમિયાન ગ્રામજનોએ પદયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને ખેડૂતો, યુવાનો તથા મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પદયાત્રા દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક બમણી કરવાની માત્ર વાતોથી નહીં, પરંતુ જમીન પર ઉતરેલા સંઘર્ષ અને ન્યાયસંગત નીતિઓથી શક્ય બનશે. આ સમગ્ર કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અગ્રણી નેતાઓ અને કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. જેમાં ખેડૂત નેતા અને જિલ્લા મહામંત્રી હિતેષભાઈ મોઢવાડીયા, પોરબંદર વિધાનસભા પ્રભારી ભાર્ગવ જોષી, તાલુકા આપ પ્રમુખ દેવાભાઈ મોઢવાડીયા, લીલુબેન ભૂતિયા, હરદાસભાઈ કુછડીયા, ભરતભાઈ ગોઢાણીયા, નિલેશભાઈ ગોરસેરા, નાથાભાઈ ભૂતિયા, ડો. નૂતનબેન ગોકાણી, અમિતભાઈ ખોડા, ડો. સિદ્ધાર્થ ગોકાણી, માલધારી સેલના જિલ્લા પ્રમુખ પુંજાભાઈ કોડિયાતર, અગ્રણીઓ દિલીપભાઈ મોઢવાડીયા, જયમલભાઈ ઓડેદરા, કેશુભાઈ મોઢવાડીયા, આરીફભાઈ પીરઝાદા, મહિલા વિંગ આપના જિલ્લા ઉપપ્રમુખ વકીલ નીતાબેન સાદીયા, લીલાભાઈ મોઢવાડીયા, ચેતનભાઈ સવજાણી, રાજેશભાઈ માંડવીયા, હર્ષદભાઈ વાળા, સંજયભાઈ જોષી, ભરતભાઈ, મસરીભાઈ મોઢવાડીયા સહિત અનેક કાર્યકર્તાઓ અને ગ્રામજનો જોડાયા હતા. કિસાન ન્યાય યાત્રા દ્વારા આમ આદમી પાર્ટી પોરબંદર જિલ્લામાં ખેડૂતોના પ્રશ્નોને લઈને ગંભીર અને સંવેદનશીલ અભિગમ સાથે આગળ વધી રહી હોવાનું સ્પષ્ટ થયું છે. ગામડે ગામડે મળતા પ્રતિસાદ અને જનસમર્થનથી આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા અને ખ્યાતિ સતત વધતી જઈ રહી છે, અને આવનારા સમયમાં ખેડૂતોના હિત માટે આ યાત્રા એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

### નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો જળવાયુ પરિવર્તન સામે સમયસર અને અસરકારક પગલાં નહીં લેવામાં આવે

# સાઉદી અરબમાં અફાટ રણમાં બરફની ચાદર પથરાઈ ગઈ

**હીમવર્ષાનું વિજ્ઞાન** જળવાયું પરિવર્તનને કારણે મોસમમાં થતા અસાધારણ ફેરફારથી ચિંતા

• દીપક જગતાપ

હાલ ધગધગતી ગરમી અને વિશાળ રણપ્રદેશ માટે જાણીતા સાઉદી અરબમાં અનોખા દ્રશ્યો જોવા મળ્યા છે. જયા રેતી નું અફાટ રણ હોય અને અસહ્ય આગ દઝાડતી ગરમી પડતી હોય ત્યાં 30 વર્ષ બાદ રણમાં હજારો કિલોમીટર સુધી પથરાયેલા રણમાં બરફની ચાદર જોવા મળે તો સૌને આશ્ચર્ય જરૂર થાય.. આ ઘટનાએ ફરી એકવાર જળવાયું પરિવર્તનને કારણે મોસમમાં થતા અસાધારણ ફેરફાર વિશે ચિંતા જગાવી છે, જેના પરિણામ માટે વિશ્વના મોટાભાગના દેશો હજી તૈયાર નથી. સાઉદી અરેબિયાના તાબુક પ્રાંતમાં આવેલા પ્રસિદ્ધ જબલ અલ-લોઝ જે બદામનો પર્વત તરીકે ઓળખાય છે. ત્યાં પર ભારે હિમવર્ષા થઈ છે. દરિયાઈ સપાટીથી આશરે 2,600 મીટરની ઊંચાઈ પર આવેલા આ પહાડો પર બરફની ચાદર પથરાઈ ગઈ છે.અહીંનું તાપમાન શૂન્યથી પણ નીચે પહોંચી ગયું છે.તો સાઉદી અરેબિયાની સાથે પાડોશી દેશ કતારમાં પણ શિયાળાની મૌસમે આશ્ચર્ય સર્જ્યું છે. કતારના અનેક વિસ્તારોમાં પણ સ્નોફોલ અને હળવો વરસાદ નોંધાયો છે, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વના હવામાનમાં મોટો પલટો જોવા મળ્યો છે.

હવામાન વિભાગ અને નિષ્ણાતો નાં અભિપ્રાયો સામે આવ્યા છે. નેશનલ સેન્ટર ફોર મેટિઓરોલોજી (NCM) એ આગામી દિવસોમાં રિયાધના ઉત્તરીય ભાગો, અલ-મજમાહ અને અલ-ઘાટ ગવર્નરેટમાં વધુ હિમવર્ષાની આગાહી કરી છે. નિષ્ણાતોના મતે, સાઉદીના ઉત્તરીય ભાગોમાં શિયાળામાં હિમવર્ષા થવી તે અસામાન્ય નથી. જોકે તેની કોઈ ચોક્કસ ખગોળીય સાયકલ નથી, પરંતુ સમયાંતરે આવું જોવા મળે છે. રાષ્ટ્રીય મોસમ કેન્દ્ર (NCM) ના જણાવ્યા અનુસાર, રિયાધના ઉત્તરમાં આવેલા અલ-મજમાહ અને અલ-ઘાટ વિસ્તારોમાં પણ ભારે બરફવર્ષા થઈ છે. ખુલ્લા મેદાનો અને ઊંચા વિસ્તારો બરફથી ઢંકાઈ ગયા હતા.

હવામાન વિભાગના પ્રવક્તાએ જણાવ્યું કે મધ્ય અને ઉત્તરી સાઉદી અરબમાં ઠંડી હવાની એક શક્તિશાળી લહેર પ્રવેશી છે, જે વરસાદી વાદળો સાથે ક્રિયા પ્રતિક્રિયા કરી રહી છે. પરિણામે આગામી કેટલાક દિવસો સુધી તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેવાની શક્યતા છે. આ ઉપરાંત, દેશના અનેક વિસ્તારોમાં વ્યાપક વરસાદ નોંધાયો છે. બિર બિન હરમાસ, અલ-અયિનાહ, અમ્માર, અલઉલા અને શકરામાં હળવાથી મધ્યમ વરસાદ થયો છે, જ્યારે રિયાધ, કાસિમ અને પૂર્વી ક્ષેત્રોમાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો છે. કેટલાક વિસ્તારોમાં ખીણોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે, જેને ધ્યાનમાં રાખીને પ્રશાસને નાગરિકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. પૂરગ્રસ્ત ખીણોમાં વાહન ચલાવતી વખતે ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે આ ઘટના માત્ર ક્ષણિક વાતાવરણિક સ્થિતિનું પરિણામ નથી, પરંતુ આવી ઘટનાઓનું વધતું પ્રમાણ જળવાયુ પરિવર્તન તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. એક તરફ સંયુક્ત અરબ અમીરાતમાં અસામાન્ય ઠંડી અને ભારે વરસાદ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ દક્ષિણ એશિયાના દેશોમાં રેકોર્ડ તોડ ગરમી પડી રહી છે. મધ્યપૂર્વના સુકા વિસ્તારોમાં પૂર, યુરોપ અને ઉત્તરી આફ્રિકામાં બરફવર્ષા–આ બધું જ વૈશ્વિક હવામાનની અનિશ્ચિતતા અને અસ્થિરતાનો સંકેત આપે છે. સાઉદી અરબમાં થયેલી આ બરફવર્ષાએ માત્ર સ્થાનિક સ્તરે જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ હવામાન પરિવર્તન અંગેની ચર્ચાને ફરી તેજ કરી છે.

# જમાલપુર દરવાજા વિસ્તારમાં આવેલ એક જ્વેલરીની દુકાનમાં ધોળા દિવસે ચોરી

### ગઠિયાઓ 9 લાખના સોનાના દાગીના લઈને ફરાર

• અમદાવાદ



અમદાવાદના જમાલપુર દરવાજા વિસ્તારમાં આવેલી એક જાણીતી જ્વેલરીની દુકાનમાં નજર ચૂકવીને મોટી ચોરી થવાની ઘટના સામે આવી છે. ગ્રાહકના સ્વાંગમાં આવેલા અજાણ્યા શખસોએ વેપારીની નજર ચૂકવી લાખોની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના શાહપુર દરવાજા પાસે રહેતા 63 વર્ષીય સુમનકુમાર શાહે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તે છેલ્લા 38 વર્ષથી માલપુર દરવાજા બહાર, જગન્નાથ મંદિર પાસે આવેલી 'સુમન જ્વેલર્સ' નામની દુકાનમાં સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરે છે. ત્યારે 10/12/2025ના રોજ જ્યારે તે પોતાની દુકાને હાજર હતા, ત્યારે એક અજાણ્યો પુરુષ, બે અજાણી મહિલાઓ અને એક આશરે 10 વર્ષનું બાળક તેમની દુકાનમાં આવ્યા હતા. આ દરમિયાન પુરુષે વેપારીની નજર ચૂકવીને શોકેસમાં રાખેલા સોનાની 100થી 110 ગ્રામની કાટી (ચૂની)ના સાત પેકેટની ચોરી કરી હતી. જેની કિંમત આશરે 9,00,000 રૂપિયા છે. ગત 10મી ડિસેમ્બરના રોજ બપોરે 12 વાગ્યે સુમનકુમાર દુકાને હાજર હતા અને તેમનો દીકરો કામથી ઘરે ગયો હતો. બપોરે 12:10 વાગ્યે એક શખસ તેની સાથે બે મહિલાઓ અને એક બાળક સાથે દુકાનમાં આવ્યો અને ચાંદીનું છત્ર બતાવવા કહ્યું હતું. અંદાજે 10 મિનિટ સુધી ચાંદીના છત્રના ભાવની રકઝક કર્યા બાદ કંઈ પણ ખરીદ્યા વગર આ ટોળકી દુકાનમાંથી બહાર નીકળી ગઈ હતી. આ ચોરીની જાણ વેપારીને છેક 24મી ડિસેમ્બરના રોજ સાંજે સાત વાગ્યે થઈ, જ્યારે એક ગ્રાહક સોનાની કાટી (ચૂની) લેવા માટે આવ્યો હતો. સ્ટોક તપાસતા કાટી (ચૂની)ના એક પેકેટમાં 24 નંગ હોય એવા 7 પેકેટ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું.

# PSI અને LRDની 13,591 જગ્યા માટે 14.28 લાખ ફોર્મ ભરાયા

### અગાઉની PSIની એક્ઝામનું રિઝલ્ટ 10 દિવસમાં આવી શકે છે

• ગાંધીનગર

PSI અને LRDની 13,591 જગ્યા માટે 14.28 લાખ ફોર્મ ભરાયા:ટૂંક સમયમાં જ કોલ લેટર અને ગ્રાઉન્ડ લિસ્ટ જાહેર થશે, અગાઉની PSIની એક્ઝામનું રિઝલ્ટ 10 દિવસમાં આવી શકે છે ગુજરાત પોલીસમાં ખાખી વર્દી પહેરવાનું સપનું જોતા યુવાઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયેલી PSI અને LRD ની મેગા ભરતી પ્રક્રિયાના ફોર્મ ભરાવાના પૂર્ણ થયા છે. PSI અને લોકરક્ષક કેડર માટે 3 ડિસેમ્બરથી શરૂ થયેલી ઓનલાઈન અરજી પ્રક્રિયા 23 ડિસેમ્બરે રાત્રે 11:59 વાગ્યે પૂર્ણ થઈ છે. કુલ 13,591 જગ્યાઓ માટે યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી 14,28,546 ઉમેદવારોએ અરજી કરી છે, જે એક ઐતિહાસિક આંકડો માનવામાં આવી રહ્યો છે. આ ભરતીમાં લોકરક્ષક કેડર (LRD) માટે 12,733 અને PSI કેડર માટે 858 જગ્યાઓ જાહેર કરવામાં આવી છે. LRD માં બિનહથિયારી, હથિયારી, SRPF તેમજ જેલ સિપાહીનો સમાવેશ થાય છે, જ્યારે PSI માં બિનહથિયારી, હથિયારી અને જેલર ગ્રુપ-2ની ભરતી કરવામાં આવશે. ભરતી બોર્ડના સૂત્રો અનુસાર અગાઉ લેવાયેલી PSIની લેખિત પરીક્ષાનું પરિણામ આગામી 10 દિવસમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. પરિણામ જાહેર થયા બાદ લાયક ઉમેદવારોને આગામી તબક્કા માટે બોલાવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ લોકરક્ષકદળનાપસંદગીપત્રએનાયતકાર્યક્રમમાં જણાવ્યું હતું કે, જાન્યુઆરીના અંતમાં PSI અને LRD બંને કેડર માટેની ફિઝિકલ ટેસ્ટ (ગ્રાઉન્ડ ટેસ્ટ) જાન્યુઆરી 2026ના ત્રીજા સપ્તાહથી શરૂ થશે. ફોર્મ ભર્યાના થોડા જ દિવસોમાં ઉમેદવારોને મેદાનમાં ઉતરવા તૈયાર રહેવું પડશે. ભરતી બોર્ડ ટૂંક સમયમાં કોલ લેટર, ગ્રાઉન્ડનું સ્થળ અને તારીખ અંગે સત્તાવાર નોટિફિકેશન જાહેર કરશે.

## દહેગામ અને રખિયાલમાં બે સગીરાનું અપહરણ : સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે બે યુવકો અપહરણ કરી ફરાર

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ અને રખિયાલ પોલીસ મથકની હદ વિસ્તારમાં સગીરાઓના અપહરણના બે અલગ-અલગ કિસ્સાઓ સામે આવતા ચકચાર મચી ગઈ છે. બંને કિસ્સાઓમાં સગીરાઓને લગ્નની લાલચ આપી લલચાવી-ફોસલાવીને અપહરણ કરી ભગાડી જવા અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રથમ ઘટનામાં દહેગામ તાલુકાના એક ગામમાં રહેતા પિતાએ ફરિયાદ નોંધાવી છે કે ગત 1 ડિસેમ્બરના રોજ તેમની 16 વર્ષીય દીકરી રાત્રે ઘરે સૂતી હતી, ત્યારે અચાનક ગાયબ થઈ ગઈ હતી. પરિવારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પડોશી ગામ બારોટના મોસમપુરાનો બાદલજી ખોડાજી ચૌહાણ નામનો યુવક પણ તે જ રાત્રિથી ગુમ છે. જે થી વધુ તપાસ કરતા એવી હકીકત સામે આવી હતી કે આ યુવક સગીરાને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો છે. સગીરાના પિતાએ પુરાવા સાથે દહેગામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે અપહરણની બીજી ઘટના અહેમદપુરા ગામેથી પ્રકાશમાં આવી છે. અહીં રહેતી પોતાની ગર્ભવતી બહેનની સારસંભાળ રાખવા માટે આવેલી 17 વર્ષીય સગીરાનું અપહરણ થયું છે. ફરિયાદ મુજબ ગત 17 ડિસેમ્બરના રોજ સાંજે 5 વાગે સાબરકાંઠાના ઈડર તાલુકાના આનંદપુરા ગામનો ભાવેશ દશરથસિંહ ઝાલા નામનો યુવક સગીરાને લલચાવી-ફોસલાવીને ભગાડી ગયો છે.

### બહોળી સંખ્યામાં કિશોરીઓ હાજર રહ્યા હતા

# વાવ થરાદ જીલ્લા ના વાવ ખાતે બાલિકા પંચાયતની કિશોરીઓને તાલીમ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

• પ્રધાનજી ઠાકોર



મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ગૃહ વિભાગ દ્વારા થરાદ પોલીસ સપોર્ટ સેન્ટર બાલિકા પંચાયતની કિશોરીઓ માટે તાલીમ કાર્યક્રમન માં તાલીમ અંતર્ગત પરમાર રેખાબેન (થરાદ પોલીસ સપોર્ટ સેન્ટર) દ્વારા કિશોરીઓને જેન્ડર સમજ અને સામાજિક માન્યતાઓ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન જેન્ડર સમાનતા, સ્ત્રી-પુરુષ વચ્ચેની સમાનતા, પરંપરાગત માન્યતાઓના પ્રભાવ, કિશોરીઓના અધિકારો, આત્મવિશ્વાસ અને સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવાની બાબતો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. કિશોરીઓને રોજિંદા જીવનમાં આવતી પડકારો સામે જાગૃત બનીને યોગ્ય નિર્ણય લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ તાલીમથી બાલિકા પંચાયતની કિશોરીઓમાં જાગૃતિ વધે તેમજ તેઓ સમાજમાં સશક્ત ભૂમિકા ભજવી શકે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ અંતે પ્રશ્નોત્તરી સત્ર દ્વારા કિશોરીઓની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું. યુનિસેફ દ્વારા સંવેદના ટ્રસ્ટ વાવ ખાતે બાલિકા પંચાયતની કિશોરીઓને તાલીમ કાર્યક્રમ અંતર્ગત રેખાબેન એલ પી દ્વારા વિષય અંતર્ગત જેન્ડર સમજ માન્યતા અને પીબીએસસી, મહિલા હેલ્પલાઈન 181, પોલીસ હેલ્પલાઈન112, 1930 સાયબર ક્રાઈમ તેમજ મહિલાને બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતી વિવિધ યોજનાકીય માહિતી આપવામાં તેમજ કિશોરીઓને યોજનાકીય પેમ્પલેટ નું વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમમાં મહિલા બાળ વિકાસ વિભાગ પોલીસ સપોર્ટ સેન્ટર રેખાબેન પરમાર, યુનિસેફ પ્રોજેક્ટ કોર્ડીનેટર શિલ્પાબેન તેમજ બીનલબેન પટેલ,સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં કિશોરીઓ હાજર રહ્યા હતા.

ઉત્સાહ

સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫ : ભારતને રમતગમત મહાશક્તિ બનાવવાની દિશામાં મજબૂત પગલુ

# જુનાગઢ ખાતે પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ - ૨૦૨૫ નું સમાપન:- પોરબંદર લોકસભાના ૭ વિધાન સભા ક્ષેત્રના ખેલાડીઓએ ફાઈનલમાં બતાવ્યો અભુતપુર્વ ઉસ્તાહ

## અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક-૨૦૩૬ને ધ્યાનમાં રાખી ૨૫ હજાર ખેલાડી ઓ તૈયાર કરવાની ભારત સરકાર ની નેમ : કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા



• વિરમભાઈ કે. આગઠ

કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે, અમદાવાદ ખાતે યોજાનાર ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ્સ તથા ૨૦૩૬ના ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખી ભારત સરકાર દ્વારા આશરે ૨૫,૦૦૦ પ્રતિભાશાળી ખેલાડીઓ તૈયાર કરવાની દૃઢ નેમ લેવામાં આવી છે. આ હેતુ સિદ્ધ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં સ્પોર્ટ્સ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ, આધુનિક કોચિંગ વ્યવસ્થા તથા ખેલાડીઓ માટે જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જૂનાગઢ ખાતે સરદાર પટેલ સંકુલમાં આયોજિત સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫ના સમાપન સમારોહમાં અધ્યક્ષ સ્થાનેથી તેઓએ આ વાત કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા અને દેશભરના વિવિધ સ્થળોએ આયોજિત સાંસદ ખેલ મહોત્સવમાં ભાગ લેનારા ખેલાડીઓ સાથે સંવાદ સાધ્યો હતો. વડાપ્રધાનશ્રીએ યુવા નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના સંદેશ સાથે રમતગમતના મેદાનમાં ભારતનો પરચમ લહેરાવવાની પ્રેરણા આપી હતી. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ વધુમાં જણાવ્યું હતું કે, રમતગમતના ક્ષેત્રમાં જ્યારે કોઈ ખેલાડી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા બને છે અને ભારતનો તિરંગો લહેરાવે છે, ત્યારે એ ગૌરવ માત્ર ખેલાડી પૂરતું સીમિત રહેતું નથી, પરંતુ સમગ્ર ૧૪૦ કરોડ ભારતીયો માટે ગૌરવનો ક્ષણ બની જાય છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સાંસદ ખેલ મહોત્સવના માધ્યમથી જનપ્રતિનિધિઓને ખેલાડીઓ અને યુવાનો સાથે સીધા જોડાવાનો અવસર મળ્યો છે. પોરબંદર લોકસભા વિસ્તાર હેઠળના સાત વિધાનસભા ક્ષેત્રોમાંથી ૧૨થી ૮૨ વર્ષના ખેલાડીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખેલ સંસ્કૃતિને નવી દિશા આપી છે. આ મહોત્સવમાં કુલ ૩૮,૦૦૦ જેટલા રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. રમતગમત માત્ર શારીરિક ક્ષમતા વિકસાવતું નથી, પરંતુ સંસ્કારોનું સિંચન પણ કરે છે. રમત ખેલાડીઓને સ્પોર્ટ્સમેન સ્પિરિટ, શિસ્ત, ટીમવર્ક અને હારને સ્વીકારવાની ભાવના શીખવે છે. મેદાનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડી મેરીટના આધારે વિજેતા બને છે, જે જીવનમાં પણ સફળતાની દિશા બતાવે છે. કેન્દ્રીય મંત્રીએ ખાસ કરીને જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં ખડતલ, મહેનતુ અને મજબૂત બાંધાના લોકોમાં રમતગમતના ક્ષેત્રે આગળ વધવાની અપર ક્ષમતા રહેલી છે. સાંસદ ખેલ મહોત્સવ દ્વારા આવા પ્રતિભાશાળી ખેલાડીઓને યોગ્ય પ્લેટફોર્મ મળ્યું છે. મહોત્સવ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ દ્વારા ખેલાડીઓના કૌશલ્યનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે અને પસંદગી પામનારા ખેલાડીઓને કેન્દ્ર સરકાર દ્વારા પૂરતી સહાય અને સુવિધાઓ આપવામાં આવશે. વર્ચ્યુઅલ કાર્યક્રમનું સંચાલન કરતા મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે, ખેલ વિકલ્પ નહીં પરંતુ રાષ્ટ્રીય પ્રાથમિકતા છે. સમગ્ર દેશમાં ૨૯૦ સાંસદોએ ખેલ મહોત્સવનું આયોજન કર્યું હતું, જેમાં એક કરોડથી વધુ લોકો જોડાયા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશમાં ખેલ એક જનઆંદોલન, એટલે કે "પીપલ્સ મૂવમેન્ટ" બની ગયો છે. આ પ્રસંગે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, રમતગમતને રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો સંકલ્પ લેવાની જરૂર છે. શરીરને જેટલી ઊંઘ અને આરામની જરૂર છે, તેટલી જ મહેનત અને પરસેવો પણ જરૂરી છે. મેદાનમાં રમવાથી સ્વાસ્થ્ય સશક્ત બને છે અને સાંસદ ખેલ મહોત્સવ જેવી પહેલોથી રમતગમત માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું થયું છે. સમાપન સમારોહ દરમિયાન કેન્દ્રીય મંત્રીના હસ્તે વિજેતા ખેલાડીઓ અને ટીમોને પ્રમાણપત્ર, ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતા ખેલાડી કુ. પ્રિયંકાબેન ગોસ્વામીની વિશેષ પ્રોત્સાહક ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું.

જ્યારે આભારવિધિ સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારિયાએ કરી હતી. સાથે જ મેયર ધર્મેશભાઈ પોશિયા, જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્યો સંજયભાઈ કોરડીયા, અરવિંદભાઈ લાડાણી, મહેન્દ્રભાઈ પાડલીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રીમતી પલ્લવીબેન ઠાકર, કમિશનર તેજસ પરમાર, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, શાસક પક્ષના નેતા મનન અભાણી, અધિકારી ચરણસિંહ ગોહિલ, શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા, જેડીસીસી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, અગ્રણી પુનિતભાઈ શર્મા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ, અધિકારીઓ અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

રહીજના "જય દ્વારકાધીશ પદયાત્રા મંડળ" દ્વારા

# રહીજથી દ્વારકા નીકળેલી ૨૦મી પદયાત્રા નું પોરબંદર ખાતે ભવ્ય સ્વાગત

સ્વાગત યાત્રા

જિલ્લા કોળી સમાજ દ્વારા ૐ સાંઈ ટેકા પરબ ખાતે પદયાત્રીઓ નું ઉષ્માભર્યું થયુ અભિવાદન







• વિરમભાઈ કે. આગઠ

માંગરોળ તાલુકાના રહીજ ગામેથી દ્વારકાધીશના પાવન દર્શનાર્થે નીકળેલી ૨૦મી વાર્ષિક પદયાત્રાઆજે પોરબંદર શહેરના પ્રવેશ દ્વાર ઈન્દિરા નગર પાસે વહેલી પરોઢે પહોંચી હતી. ત્યારે પોરબંદર સ્થિત ૐ સાંઈ ટેકા પરબ ખાતે પોરબંદર જિલ્લા કોળી સમાજ દ્વારા પદયાત્રીઓનું ભવ્ય અને ભાવસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. દર વર્ષેની જેમ આ વર્ષે પણ રહીજના "જય દ્વારકાધીશ પદયાત્રા મંડળ" દ્વારા દ્વારકાના પરમ ભક્ત માલદેભાઈ જીણાભાઈ રામના માર્ગદર્શન હેઠળ રહીજથી દ્વારકા સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પદયાત્રીઓમાં જગતના નાથ શ્રી દ્વારકાધીશના દર્શનની તીવ્ર અભિલાષા સાથે ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણની અનોખી ઝલક જોવા મળી હતી. આ પદયાત્રાનો મુખ્ય ઉદેશ્ય વિસરાતી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવાનો તેમજ માનવતા અને સમરસતાનો સંદેશ સમાજમાં વહેતો કરવાનો છે. લગભગ ૨૦ વર્ષ પહેલા દેસાબાપા રામ પરિવાર દ્વારા શરૂ કરાયેલ આ પદયાત્રા આજે ૨૦મી વર્ષગાંઠ સુધી પહોંચી છે. આ યાત્રામાં ૧૭ તાલુકા અને ૯૦ ગામમાંથી આશરે ૭૦૦ જેટલા શ્રીકૃષ્ણ ભક્તો સ્વયંભૂ જોડાયા છે. પદયાત્રીઓ સાથે સ્વખર્ચે ૩૦ જેટલા ટ્રેક્ટરો જોડાયા છે, જ્યારે ૯૦ જેટલા સ્વયંસેવકો પદયાત્રીઓ માટે ભોજન, ચા- પાણી તથા અન્ય વ્યવસ્થાઓ સંભાળી રહ્યા છે. પદયાત્રા દ્વારકાધીશની પુરાકદ મૂર્તિ, અખંડ દીપજ્યોતિ, લાઉડ સ્પીકર સિસ્ટમ અને સુશોભિત રથ સાથે આગળ વધી રહી છે. આ યાત્રાનું નેતૃત્વ માલદેભાઈ જીણાભાઈ રામ કરી રહ્યા છે. તેમની સાથે ભીખાભાઈ રામ, કાનાભાઈ જમાદાર, માલદેભાઈ પીઠીયા, જગમાલ ભાઈ ચોચા, રામભાઈ રામ, અરજનભાઈ રામ, હરદાસભાઈ ચોચા, ભીમાભાઈ રામ, દિનેશભાઈ નાદાણીયા સહિતના સહયોગીઓ જોડાયા છે. યાત્રાનો પ્રથમ રાત્રિ રોકાણ ગોરસર મોચા ખાતે શ્રી નાગબાઈ મંદિરે, બીજું ઓડદર શ્રી રંગબાઈ મંદિરે, ત્રીજું પાલખડા શ્રી હીરજી આશ્રમ (રાણછોડભાઈ જોશી), ચોથું ભોગાત શ્રી આહીર સમાજ ખાતે અને અંતિમ પાંચમું રાત્રિ રોકાણ દ્વારકામાં અખિલ ભારતીય સમાજ ખાતે રાખવામાં આવ્યું છે. દ્વારકાધીશના દર્શન બાદ રાત્રિ કીર્તન-ભજનની રમઝટ પણ યોજાશે. પોરબંદર ખાતે ૐ સાંઈ ટેકા પરબમાં પદયાત્રાના સ્વાગત પ્રસંગે પ્રમુખ રામસીભાઈ બામણીયા, પોરબંદર જિલ્લા કોળી સમાજ કર્મચારી મંડળના પ્રમુખ રામભાઈ બગીયા, રાજીવ લીલાવતી બામણીયા ફાઉન્ડેશનના પ્રમુખ નારણભાઈ બામણીયા, છાંયા પ્લોટ ઘેડીયા કોળી સેવા સમાજના પ્રમુખ દેવાયતભાઈ વાઢિયા, ન્યૂ પોરબંદર નવરંગ ગરબી મંડળના પ્રમુખ લાખાભાઈ મોકરીયા, કોળી ઠાકોર મંડળના પ્રમુખ અરજન ભાઈ આંત્રોલીયા, સમાજરત્ન ડૉ. ઈશ્વરભાઈ ભરડા, સમાજશ્રેષ્ઠી મહેશભાઈ ભૂવા, સંજયભાઈ સોલંકી, વરજંગભાઈ વાસણ, શ્રીમતી જયાબેન વાસણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૐ સાંઈ ટેકા પરબના પ્રમુખ રામસીભાઈ બામણીયા તથા શ્રીમતી લાખીબેન બામણીયાના માર્ગદર્શન હેઠળ સમાજના શૈક્ષણિક, સામાજિક, આધ્યાત્મિક અને સેવા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ જયુબેલી કોળી સમાજના સમાજશ્રેષ્ઠી મહેશભાઈ ભૂવાને પદયાત્રા મંડળના પ્રમુખ માલદેભાઈ રામ દ્વારા ઉષ્માવસ્ત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પોરબંદર ઈન્દિરા નગર સ્થિત ૐ સાંઈ ટેકા પરબમાં સોમનાથથી દ્વારકા જતા પદયાત્રીઓ માટે નિશુલ્ક ભોજન અને નિવાસની વ્યવસ્થા ઉપલબ્ધ છે. સાથે જ અહીં જી.પી.એસ. સી., યુ.પી.એસ.સી. તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિશુલ્ક લાઈબ્રેરીનો લાભ વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે. ૩૫ લાખ રૂપિયાના ખર્ચે સ્થાપિત તબીબી સાધનો - વોકર, પલંગ, કાંખઘોડી, ટોયલેટ ખુરશી, સક્સન મશીન વગેરે જરૂરિયાત મંદોને નિઃશુલ્ક આપવામાં આવે છે. પદયાત્રાના મોભી માલદેભાઈ રામે ૐ સાંઈ બાબાને હાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા અને પદયાત્રીઓને માર્ગમાં સહારો મળે તે હેતુથી લાકડી અર્પણ કરવામાં આવી હતી. દરેક પદયાત્રીએ ૐ સાંઈ બાબાના દર્શન કરી ચોકલેટ-પીપરમિન્ટ, ચા-કોફી પ્રસાદરૂપે મેળવી ધન્યતા અનુભવી હતી. પાંચ દિવસીય આ પદયાત્રા તા.૨૫/૧૨/૨૦૨૪ના રોજ સાંજે શ્રી દ્વારકાધીશના દર્શન સાથે પૂર્ણ થશે.

# ડભોઈ-સંખેડા મુખ્ય માર્ગ પર ધૂળની ડમરીઓથી વાહનચાલકો બેહાલ

## કરનેટથી બોરીયાદ સુધીનો રસ્તો બન્યો ધૂળિયો



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના કરનેટથી બોરીયાદ સુધીનો મુખ્ય માર્ગ હાલમાં મુસાફરો માટે માથાના દુખાવા સમાન બની ગયો છે. ડભોઈ અને સંખેડાને જોડતા આ અતિ વ્યસ્ત માર્ગ પર ઉડતી ધૂળની ડમરીઓને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.રસ્તાની દુર્દશા: લાંબા સમયથી રોડનું સમારકામ ન થતા ડામર ઉખડી ગયો છે અને માત્ર કાંકરા જ બાકી રહ્યા છે. આ કાંકરાઓ પરથી વાહનો પસાર થતા જ આકાશમાં ધૂળના વાદળો છવાય છે વિદ્યાર્થીઓની મુશ્કેલી: આ માર્ગ પરથી દરરોજ શાળા-કોલેજની બસો અને ખાનગી વાહનો પસાર થાય છે. ધૂળને કારણે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે.અકસ્માતનો ભય: ધૂળની ડમરીઓને કારણે સામેથી આવતું વાહન દેખાતું નથી જેના લીધે અકસ્માત થવાની સંભાવના વધી ગઈ છે.હજારો વાહનોની અવરજવર: ડભોઈ-સંખેડાને જોડતો આ મુખ્ય માર્ગ હોવાથી અહીંથી રોજના હજારો વાહનો પસાર થાય છે, જેના કારણે ધૂળની સમસ્યા સતત બની રહે છે. સ્થાનિકોની માંગ રસ્તા પરથી પસાર થતા મુસાફરો અને સ્થાનિક લોકોની એક જ માંગ છે કે તાત્કાલિક ધોરણે રસ્તા પર પાણીનો છંટકાવ કરવામાં આવે જેથી ધૂળ ઉડતી બંધ થાય. ઉખડી ગયેલા રસ્તાનું વહેલી તકે રીપેરીંગ કામ શરૂ કરવામાં આવાતા રસ્તો એટલો ખરાબ છે કે અહીંથી પસાર થવું મુશ્કેલ છે. ધૂળને કારણે કપડાં અને સ્વાસ્થ્ય બંને બગડે છે. તંત્ર જાગે અને વહેલી તકે આનું નિરાકરણ લાવે તે જરૂરી છે

ડભોઈ તાલુકાના નવા માંડવા ગામે

# મરણના દાખલા માટે હલ્લાબોલ બે મહિનાથી ધક્કા ખાતા ગ્રામજનોનો રોષ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના નવા માંડવા ગ્રામ પંચાયતમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. સ્વજનોના મૃત્યુ બાદ જરૂરી એવા મરણના દાખલા મેળવવા માટે ગ્રામજનો છેલ્લા બે મહિનાથી પંચાયત કચેરીના ધરમધક્કા ખાઈ રહ્યા હતા. આખરે તંત્રની નિષ્ક્રિયતાથી કંટાળેલા અરજદારો અને ગ્રામજનોએ ગ્રામ પંચાયત કચેરી પર હલ્લાબોલ કરી તલાટી-કમ-મંત્રીનો જોરદાર ઉધડો લીધો હતો નવા માંડવા ગામના અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા બાદ સરકારી કામકાજ અને અન્ય કચેરીઓમાં રજૂ કરવા માટે મરણના દાખલાની માંગણી કરી હતી. જોકે, બે મહિના જેટલો લાંબો સમય વીતી જવા છતાં તલાટી દ્વારા દાખલા આપવામાં આવતા નહોતા. આ વિલંબને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.તલાટીનો લૂલો બચાવ: 'VCEને કામ નથી આવડતું જ્યારે ગ્રામજનોએ તલાટી દિવ્યરાજસિંહ રહેવરને ઘેર્યા, ત્યારે તેમણે પોતાની જવાબદારી સ્વીકારવાને બદલે દોષનો ટોપલો પર ઢોળ્યો હતો. તલાટીએ જણાવ્યું હતું કે નવા પોર્ટલમાં એન્ટ્રી કેવી રીતે પાડવી તેની VCEને જાણકારી ન હતી, જેના કારણે આ વિલંબ થયો છે ગંભીર આક્ષેપ વેરો ભરો તો જ દાખલો મળશે ગ્રામજનોએ તલાટી પર વધુ એક ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, મરણનો દાખલો કાઢી આપવા માટે તલાટી દ્વારા શરત મૂકવામાં આવતી હતી. અરજદારોના મતે પંચાયતનો બાકી વેરો ભરશો તો જ દાખલો મળશે તેવું કહીને તલાટી માનસિક દબાણ ઉભું કરતા હતા. મરણના દાખલા જેવા સંવેદનશીલ દસ્તાવેજ માટે વેરાની વસૂલાતનું બહાનું કાઢવું એ કેટલું યોગ્ય? તેવો પ્રશ્ન ગ્રામજનોએ ઉઠાવ્યો છે. તંત્ર સામે સવાલો શું મરણના દાખલા જેવી સામાન્ય પ્રક્રિયા માટે બે મહિનાનો સમય પૂરતો નથી શું સરકારી પોર્ટલની સમજ ન હોવી એ અરજદારોનો વાંક છે? વેરો વસૂલવા માટે મરણના દાખલા અટકાવવા એ શું કાયદેસર છે ઉચ્ચ અધિકારીઓ પાસે કાર્યવાહીની માંગ સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા' અને ઝડપી વહીવટ'ની વાતો કરે છે, ત્યારે આવા બેજવાબદાર અધિકારીઓ સરકારની છબી ખરડી રહ્યા છે . નવા માંડવા ગામના લોકોની માંગ છે કે તાલુકા અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ આ મામલે તપાસ કરે અને જવાબદાર તલાટી સામે કડક પગલાં ભરે જેથી ભવિષ્ય માં કોઈ અન્ય નાગરિકને આવી હેરાનગતિ ન ભોગવવી પડે.

# દહેજમાં: મહાદેવ હોટલ પાર્કિંગમાંથી કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

### બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડયો : બે ઝડપાયા



• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરા તાલુકાના દહેજ વિસ્તારમાં પોલીસે કેમિકલ ચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. દહેજ-ભરૂચ હાઈવે પર આવેલી મહાદેવ હોટલના પાર્કિંગમાંથી લાખો રૂપિયાના મુદ્દામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. દહેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ. બી. ઝાલા અને સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર કે. જી. સિસોદિયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન તેમને ચોક્કસ બાતમી મળી હતી કે મહાદેવ હોટલનાપાર્કિંગમાંટેન્કરમાંથીકેમિકલનીચોરીથઈરહીછે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડયો હતો. આ દરોડા દરમિયાન કેટલાક ઈસમો કેમિકલના ટેન્કરમાંથી વાલ્વ મારફતે ગેરકાયદેસર રીતે કેમિકલ કાઢતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી મુલારામ બાબુલાલ શર્મા અને દાલુરામ રામાંરામ જાનીની અટકાયત કરી છે. આ ગુનામાં સંડોવાયેલ અન્ય એક શખ્સ ગિરધરસિંગ રાજપૂતને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. પોલીસે ટેન્કર અને કેમિકલ સહિત કુલ 79,88,967 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.ઉલ્લેખનીય છે કે દહેજ વિસ્તાર મોટા પાયે ઔદ્યોગિક એકમો ધરાવતો હોવાથી અહીં રાસાયણિક પદાર્થોની અવરજવર સતત રહે છે.આવા સંજોગોનો લાભ ઉઠાવી કેમિકલ ચોરીના બનાવો બનતા હોય છે. દહેજ પોલીસની આ સફળ કામગીરીથી આવા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. રિપોર્ટર

---

**સુશાસન દિવસ** — રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા ભાજપ કમલમ ખાતે

# શ્રદ્ધેયશ્રી અટલજીની ૧૦૧મી જન્મજયંતી નિમિતે જીવન ચરિત્રની પ્રદર્શની સાથે પુષ્પાંજલિ અર્પણ

### જીલ્લા ભાજપ દ્વારા જીલ્લાના તમામ મંડલ મથકોએ અટલજીની જન્મજયંતી 'સુશાસન દિવસ પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયા



• અમદાવાદ

જીવન મુલ્યોનુ જીવંત ઉદાહરણ પ્રેરણા પુરુષ રાષ્ટ્રવાદી પ્રખર અને ભારતરત્ન પૂર્વ પ્રધાનમંત્રી શ્રદ્ધેયશ્રી અટલ બિહારી બાજપેયીજીના જન્મદિવસ નિમિત્તે રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભા, શ્રી રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતીમાં રાજકોટ જીલ્લા ભાજપા કાર્યાલય તથા ઉપલેટા શહેર/તાલુકા, ભાયાવદર શહેર, ધોરાજી શહેર/તાલુકા, જેતપુર શહેર/તાલુકા, જામકંડોરણા તાલુકા, ગોંડલ શહેર/તાલુકા, કોટડાસાંગાણી, લોધિકા તાલુકા, રાજકોટ તાલુકા, પડધરી તાલુકા, જસદણ શહેર/તાલુકા, વિછીયા તાલુકામાં પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મંત્રીશ્રીઓ વલ્લભભાઈ શેખલીયા, શ્રી મનોજભાઈ રાઠોડ, શ્રી સીમાબેન જોશી, શ્રી વિશાલભાઈ ફાગલીયા, જીલ્લા ઓબીસી મોરચા પ્રમુખશ્રી નવીનપરી ગૌસ્વામી, જીલ્લા મહિલા મોરચા મહામંત્રીશ્રી વર્ષાબેન ખુંટ, જીલ્લા ડોક્ટર સેલ કન્વીનરશ્રી દીપકભાઈ પીપળીયા, શ્રી ધર્મેશભાઈ વસંત, જીલ્લા આગેવાનો શ્રી પરસોત્તમભાઈ સાવલિયા, શ્રી નીતિનભાઈ ઢાંકેચા, શ્રી મોહનભાઈ ખુંટ, શ્રી નીતિનભાઈ સગપરીયા, શ્રી વિનુભાઈ પરમાર, શ્રી ગીરીશભાઈ પરમાર, રાજકોટ તાલુકા પ્રમુખશ્રી કેયુરભાઈ ઢોલરીયા, મહામંત્રીશ્રીઓ વિપુલભાઈ બસિયા, શ્રી અજયભાઈ મકવાણા, શ્રી મીનાબેન લુણાગરીયા, શ્રી જયભાઈ સાગઠીયા, શ્રી મનોજભાઈ કાછડિયા, શ્રી બલુભાઈ નસીત, શ્રી ભરતભાઈ ડાભી, શ્રી હરેશભાઈ મકવાણા, શ્રી ચેતનભાઈ કથીરીયા, શ્રી પ્રકાશભાઈ કાકડિયા સહીતના જીલ્લા તથા મંડલના કાર્યકર્તાઓ જોડાયા હતા. આ પ્રસંગે જીલ્લા ભાજપ મંત્રીશ્રી સીમાબેન જોશી તથા ડોક્ટર સેલ કન્વીનરશ્રી ડો.દિપકભાઈ પીપળીયાએ આદરણીય અટલજીની કવિતાનું ગાન કર્યું હતું. આ પ્રસંગે જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આદરણીયશ્રી અટલજી જેઓ નાનપણથી જ જમણેરી વિચારધારા તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેમણે લોકશાહીના મુલ્યોના જતન માટે કામગીરી કરી છે. જેઓ ભારતીય લોકશાહીને વિશ્વમાં લોકશાહી ગૌરવ અપાવવા માટે હંમેશા કટિબદ્ધ રહ્યા. વાજપેયી એક શ્રેષ્ઠ સાંસદ અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હતા. પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર એકમાત્ર બિન-કોંગ્રેસી વડાપ્રધાન, અટલ બિહારી વાજપેયી ૧૯૯૯-૨૦૦૪માં તેઓ ત્રણ વખત દેશના વડાપ્રધાન પદે રહ્યા હતા. નોંધનીય છે કે ૧૯૯૯-૨૦૦૪માં તેમણે પૂરા પાંચ વર્ષ સુધી પોતાના વડાપ્રધાનનો કાર્યકાળ પૂરો કર્યો હતો. આ સાથે જ વાજપેયીજી પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર સૌપ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન બન્યા હતા. તેઓ ખૂબજ સરળ સ્વભાવના હતા. અટલ બિહારી વાજપેયીના પિતા ક્રિષ્નાબિહારી વાજપેય હતા. તેમને મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં જન્મ ૨૫,ડિસેમ્બર ૧૯૨૪નો રોજ થયો હતો. તેમણે ગ્વાલિયરની વિક્ટોરિયા કોલેજ(હાલની લક્ષ્મીબાઈ કોલજ)માં અને પછી ઉત્તરપ્રદેશ સ્થિત કાનપુરની ડી.એ.વી કોલેજમાં અભ્યાસ કર્યો. તેમણે પોલીટિકલ સાયન્સ સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. શરુઆતથી સામાજિક કાર્યોમાં રસરુચિ. વાજપેયી વ્યવસાયે પત્રકાર હતાં અને કવિતા લેખન પ્રત્યે રસરુચિ હતી. જોકે વાજપેયીની ડેસ્ટિની રાજનીતિ તરફ જઈ રહી હતી. વધુમાં જીલ્લા મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વાજપેયીએ વડાપ્રધાન તરીકે ત્રણ વખત નેતૃત્વ સંભાળ્યું હતું. જેમાં પ્રથમ વખત - ૧૬ મે ૧૯૯૬ થી ૧ જૂન ૧૯૯૬ સુધી, દ્વિતીય વખત - ૧૯ માર્ચ ૧૯૯૮ થી ૨૬ એપ્રિલ ૧૯૯૯ સુધી, તૃતીય વખત - ૧૩ ઓક્ટોબર ૧૯૯૯ થી ૨૨ મે ૨૦૦૪ સુધી. અટલ બિહારી વાજપેયી હિન્દી કવિ, પત્રકાર અને પ્રખર વક્તા પણ છે. ભારતીય જનસંઘની સ્થાપનામાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્વની હતી.

---

### પરમિટના દારૂનો ગેરકાયદે વેપલો કરવાનું કૌભાંડ ઝડપાયું

# અંકલેશ્વરના અક્ષર આઈકોનમાંથી LCB એ નિવૃત્ત આર્મીમેનના ઘરમાંથી 3.59 લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો

**વોન્ટેડ** — ફ્લેટમાં સંતાડેલી 84 બોટલો કબજે કરી પોલીસ દ્વારા રીટાયર્ડ આર્મીમેનને વોન્ટેડ જાહેર કરાયો

• અંકલેશ્વર

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે અંકલેશ્વરમાં જૂના નેશનલ હાઈવે નંબર-૮ પર આવેલી એક સોસાયટીમાં પરમિટ ધારક હોવાનો ફાયદો ઉઠાવી વિદેશી દારૂનો ગેરકાયદે સંગ્રહ અને વેચાણ કરતા એક નિવૃત્ત આર્મીમેનના ઘરે દરોડો પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

LCB ની ટીમ અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી , તે દરમિયાન બાતમી મળી હતી કે અક્ષર આઈકોનના F-બ્લોકમાં રૂમ નંબર ૨૦૩ માં રહેતો જયક્રિષ્ના શ્યામદાસ તિવારી નામનો નિવૃત્ત આર્મીમેન પોતાના ઘરે દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. આ શખ્સ આર્મી પરમિટ પર મળતા દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલો પોતાના મકાનમાં સંતાડી રાખી ગેરકાયદે રીતે અન્ય લોકોને વેચતો હતો. બાતમીના આધારે પોલીસે અક્ષર આઈકોનના ફ્લેટમાં દરોડો પાડતા ઘરની અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૮૪ નંગ બોટલો મળી આવી હતી. આ જથ્થાની કુલ કિંમત અંદાજે ૩,૫૯,૮૯૦/- થાય છે. પોલીસે તમામ પ્રતિબંધિત જથ્થો કબજે લીધો છે.દરોડા દરમિયાન આરોપી જયકિષ્ના તિવારી મળી આવ્યો ન હોવાથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. આ મામલે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



---

# દહેજ હાઈવે પર કેમિકલ ચોરીના 'કટિંગ'નો પર્દાફાશ થયો

### હોટલના પાર્કિંગમાં ટેન્કરમાંથી ચોરી કરતા બે શખ્સો ઝડપાયા

• દહેજ

દહેજ પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, દહેજ-ભરૂચ રોડ પર નાયરા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ મહાદેવ હોટલના પાર્કિંગમાં કેટલાક ઈસમો ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરી રહ્યા છે. પોલીસે તુરંત સ્થળ પર દરોડો પાડતા બે શખ્સો પ્લાસ્ટિકની ગરણી લગાવી ટેન્કરમાંથી કારબાઓમાં એસીટોન (Acetone) કેમિકલ કાઢતા મળી આવ્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા શખ્સો કોઈપણ પ્રકારના ફાયર સેફટીના સાધનો વગર અત્યંત જ્વલનશીલ એસીટોન કેમિકલની ચોરી કરી રહ્યા હતા. આ પ્રકારની બેદરકારી ને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ હતી અને લોકોના જીવ જોખમ માં મુકાય તેવી પૂરેપૂરી શક્યતા હતી. પોલીસે સ્થળ પરથી બે કેમિકલ ટેન્કર અને કેમિકલ ભરેલા પ્લાસ્ટિકના કારબા જપ્ત કર્યા છે.

પોલીસે આ ગુનામાં બે આરોપી (૧) મુલારામ બાબુલાલ શર્મા (રહે. બાડમેર,રાજસ્થાન)અને(૨)ડાલુરામ રામારામ જાની (રહે. બાડમેર, રાજસ્થાન) નાઓને દબોચી લીધા છે.

દહેજ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી આ કેમિકલ ચોરીના નેટવર્કમાં અન્ય કોણ સામેલ છે તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.




---

# અમદાવાદમાં આજથી 7 દિવસ કાંકરિયા કાર્નિવલનો આરંભ

### લોકડાયરા-લેઝર શો સહિતના રંગારંગ કાર્યક્રમોનું આયોજન

• અમદાવાદ

અમદાવાદમાં આજથી 31 ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલનો આરંભ થશે. 25મીએ કોર્પોરેશનના 3500 કરતા વધુ સફાઈ કામદાર ભેગા થઈ મોટુ બલૂન મોઝેક તૈયાર કરી ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપશે. સાત દિવસ દરમિયાન ત્રણ સ્ટેજ ઉપર લોકડાયરા,લેસરશો,હોર્સ શો સહિતના રંગારંગ કાર્યક્રમનુ આયોજન કરાશે. કાર્નિવલને લઈ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યુ,ત્રણ સ્ટેજ ઉપરથી સવારના 6થી રાતના 10 કલાક સુધી વિવિધ કાર્યક્રમો જોવા જે પ્રમાણે મોટી સંખ્યામા લોકો આવતા હોય છે તેને ધ્યાનમા લઈને કાંકરિયા પરિસરની અંદર અને બહાર 110થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામા આવ્યા છે.સાઉન્ડ મેડીટેશન, યોગા મેડીટેશન ઉપરાંત લાફટર યોગા, ઝુંબા, એરોબિક્સ,પિરામીડ શો, મેજીક શો જેવા આકર્ષણો મુલાકાતીઓ માટે રાખવામા આવ્યા છે. કાર્નિવલની મુલાકાતે આવનારા તમામ મુલાકાતીઓની ગણતરી થઈ શકે એ માટે સાત ગેટ ઉપર 34 કેમેરા લગાવાશે.આ કેમેરાના કારણે પરિસરમા પ્રવેશ લેનારા અને બહાર નીકળનારા તમામ મુલાકાતીઓના હેડ કાઉન્ટ થઈ શકશે.ક્રાઉડ કંટ્રોલ મિકેનીઝમ સેટ કરી શકાશે.કાંકરિયા કાર્નિવલનો રાજયના મુખ્યમંત્રી આરંભ કરાવશે.આ સમયે અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભાના ઓવરહેડ પાણીની ટાંકી, વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, મ્યુનિસિપલ શાળાઓ સહિત રૂપિયા 201 કરોડના કરોડના કામના લોકાર્પણ તથા રૂપિયા 324 કરોડના કામોનુ ખાતમૂહુર્ત કરવામા આવશે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આગામી સમયમાં ફલાવરશો-2026 શરૂ થવા જઈ રહયો છે. આ અગાઉ રિક્રીએશન કમિટીએ ફલાવરશોના મુલાકાતીઓ માટે સોમથી શુક્રવાર માટે રૂપિયા 80 તથા શનિ,રવિ અને જાહેર રજાના દિવસ માટે ટિકીટના દર રૂપિયા સો રાખવાની દરખાસ્ત મંજુર કરી હતી. ગત વર્ષે ટિકીટના દર સોમથી શુક્રવાર માટે રુપિયા 70 રાખવામા આવ્યા હતા.મ્યુનિસિપલ શાળાના બાળકોને ફલાવરશોમા વિનામૂલ્યે પ્રવેશ અપાશે.જયારે અન્ય સ્કૂલના બાળકોને માટે ટિકીટના દસ રુપિયા રાખવામા આવ્યા છે. સવારના 8 થી 9 અને રાતના 10થી 11 પ્રાઈમ સ્લોટ માટે ટિકીટના દર રૂપિયા 500 રાખવામા આવ્યા છે.

---

# ડભોઇ-કેવડિયા હાઇવે પર અકોટી પાસે અકસ્માતનો સિલસિલો: બે ગાડીઓ પલટી, 4 લોકોનો આબાદ બચાવ

ડભોઇ: સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય માર્ગ પર ડભોઇ તાલુકાના અકોટી પાસે આવેલા જોખમી વળાંક પર આજે વહેલી સવારે બે અલગ-અલગ અકસ્માતો સર્જાયા હતા. સાઇન બોર્ડના અભાવે બે કાર ચાલકોએ વાહન પરનો કાબૂ ગુમાવતા ગાડીઓ ડિવાઇડર સાથે અથડાઈ હતી. સદનસીબે, આ બંને ઘટનામાં કુલ 4 લોકોનો આબાદ બચાવ થયો છે મુખ્ય સમસ્યા: સાઇન બોર્ડનો અભાવ સ્થાનિકો અને વાહન ચાલકોના જણાવ્યા મુજબ, અકોટી પાસેનો આ વળાંક ઘણો મોટો અને લાંબો છે. પરંતુ માર્ગ પર કોઈ પણ પ્રકારના સાઇન બોર્ડ કે રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા નથી.દ્રશ્યતાનો અભાવ: વહેલી સવારે કે રાત્રિના સમયે વળાંક કેટલો ઊંડો છે તેનો અંદાજ આવતો નથી. જોખમી વળાંક: સાઇન બોર્ડ ન હોવાને કારણે ચાલકોને ખ્યાલ નથી આવતો કે આગળ રસ્તો વળે છે, જેને કારણે વાહન સીધું ડિવાઇડર સાથે અથડાય છે.વાહન ચાલકોમાં રોષઆ માર્ગ સ્ટેચ્યુ ઓફ યુનિટી જતો મુખ્ય સ્ટેટ હાઈવે હોવાથી અહીં પ્રવાસીઓની ભારે અવરજવર રહે છે. વાહન ચાલકો આક્ષેપ કરી રહ્યા છે કે:સ્ટેટ હાઈવેના અધિકારીઓ કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.વારંવાર અકસ્માતો થવા છતાં તંત્ર દ્વારા અહીં સાવચેતીના બોર્ડ કે સ્પીડ બ્રેકર જેવી કોઈ સુવિધા કરવામાં આવી નથી.તાત્કાલિક માંગઅકસ્માત બાદ હવે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

---

### 6 જુગારીઓ 1.24 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

# અંકલેશ્વરના રેલ્વે લાઈન પાસે ચાલતા જુગારધામ ઉપર LCBનો છાપો

• અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ મથકની હદમાં જુગાર રમી રહેલા છ શખ્સોને ઝડપી પાડ્યા છે. રેલ્વે લાઈન પાસે ખુલ્લી જગ્યામાં હાર-જીતનો જુગાર રમતા આ શખ્સો પાસેથી લાખોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ભરૂચ LCB ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અંકલેશ્વરના પટેલનગર પાસે આવેલી ઝુંપડપટ્ટીમાં રેલ્વે લાઈન નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા-પાનાનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે LCB ની ટીમે વ્યૂહાત્મક રીતે દરોડો પાડતા જુગાર રમી રહેલા શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા 6 શખ્સોને કોર્ડન કરીને દબોચી લીધા હતા.



પોલીસે રેઈડ દરમિયાન રોકડ રકમ અંગઝડતી અને દાવ પરના રોકડા 14,400, મોબાઈલ ફોન 30,000 ની કિંમતના કુલ 3 નંગ, વાહનો 80,000 ની કિંમતના 2 ટુ-વ્હીલર, પત્તા-પાના અને પાથરણું સહીત કુલ 1,24,400/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઝડપાયેલા આરોપીઓમાં સંજય છગનભાઈ ચૌહાણ, લાલચંદ વિશ્વકર્મા, મોતીભાઈ માંગગા રોડી , સુરેશ પ્રેમાભાઈ ચુડાસમા, રાજુભાઈ વાઘરી અને અજય ઉસ્તામભાઈ વસાવાનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દાહોદમાં જિલ્લા સ્તરીય રગ્બી 7s ટુર્નામેન્ટનું સફળ આયોજન કરાયું



• દાહોદ

દાહોદ જિલ્લા રગ્બી એસોસિએશનના આયોજન હેઠળ તારીખ 23 ડિસેમ્બર 2025ના રોજ દાહોદ જિલ્લામાં જિલ્લા સ્તરીય રગ્બી 7sટુર્નામેન્ટનુંસફળઆયોજનકરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં દાહોદ જિલ્લાની કુલ 21 ટીમોએ ભાગ લીધો હતો, જેમાં અંદાજે 252 ખેલાડીઓએ પોતાની રમત કુશળતા પ્રદર્શિત કરી હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓમાં ઊંચી રમત ભાવના, શિસ્ત અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ટુર્નામેન્ટનું આયોજન દાહોદ જિલ્લા રગ્બી એસોસિએશનના જનરલ સેક્રેટરી શ્રી રોહિત કુમાર કલ્મી તથા એસોસિએશનના સભ્યો દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં શ્રી હરીશભાઈ પટેલ તેમજ જિલ્લા રમત અધિકારી (ડી.એસ.ઓ.) સાહેબનો વિશેષ સહયોગ અને માર્ગદર્શન મળ્યું હતું, જેના માટે દાહોદ જિલ્લા રગ્બી એસોસિએશન દ્વારા તેમનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રગ્બી એસોસિએશન ઓફ ગુજરાત તરફથી શ્રી વેદાંત ધનાણી (ગુજરાત રગ્બી મેલ રિપ્રેઝેન્ટેટિવ) તેમજ શ્રી મૌસમ ચૌધરી ટેકનિકલ અધિકારી તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને ટુર્નામેન્ટને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ટેકનિકલ સ્ટાફ, મેડિકલ ટીમ, પોલીસ વિભાગ તેમજ અન્ય સહયોગી સ્ટાફ દ્વારા પૂરતો સહકાર આપવામાં આવ્યો હતો, જેના માટે દાહોદ જિલ્લા રગ્બી એસોસિએશન તમામનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે. આવા રમતોત્સવો દ્વારા જિલ્લામાં રગ્બી રમતને પ્રોત્સાહન મળી રહ્યું છે અને ભવિષ્યમાં યુવા ખેલાડીઓને આગળ વધવાની વધુ તકો મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે ટાઇપ -૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોને માર્ગદર્શન માટેનો કાર્યક્રમ યોજાયો



• કદવાલ

૨૪ ડિસેમ્બર ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યમાં ટાઈપ-૧ ડાયાબિટીસ નું ઓડિટોરીયમ જીએમઆરએસ મેડિકલ કોલેજ ગાંધીનગર ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો પાઉલ વસાવા ની ઉપસ્થિતિ માં ટાઈપ -ડાયાબિટીસ નિદાન થયેલ બાળકો માટે ડાયાબિટીસની સારવાર તેમજ દર્દીઓ ને રાખવાની થતી કાળજી બાબતે વિસ્તૃત જાણકારી આપવા તેમજ બાળકોને કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ, જિલ્લા રક્તપિત્ત અધિકારી ડો હિરેન ગોહિલ જિલ્લા તાલીમ કેન્દ્ર ના સિનિયર મેડિકલ ઓફિસર ડો આશિષ બારીયા, બાળરોગ નિષ્ણાત તથા તાલુકા આરોગ્ય અધિકારી કદવાલ તેમજ નર્સિંગ કોલેજ ના પ્રિન્સીપાલ ભાવનાબેન જોષી સહિત વાલીઓ સાથે મોટી સંખ્યામાં ડાયાબિટીસ ગ્રસ્ત બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# છોટાઉદેપુર જિલ્લાના પ્રથમ પીજી સેન્ટર LL.Mના વર્ગની શરૂઆત



• બોડેલી

શેઠ યુ. ટી. કાપિડયા લો કોલેજ ,બોડેલી ખાતે શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ થી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંચાલિત છોટાઉદેપુર જિલ્લાનું પ્રથમ પીજી સેન્ટર LL.M(માસ્ટર ઓફ લો ) ના વર્ગની શરૂઆત કરવામાં આવેલ છે. આ પીજી સેન્ટરનું લોકાર્પણ યુનિવર્સીટીના માનનીય કુલપતિશ્રી ડૉ. હરિભાઈ કાતરિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રી કાતરિયા એ વિદ્યાર્થીઓને આશીર્વચન આપી જીવનમાં પ્રગતિ કરવાની પ્રેરણા આપી હતી. આ શુભ પ્રસંગે શેઠ ટી.સી કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. એચ .એમ .કોરાટ એ સ્વાગત સાથે કુલપતિશ્રીનો પરિચય આપ્યો હતો. આ અવસરે શેઠ યુ.ટી કાપડિયા લો કોલેજ ના પ્રિન્સિપાલશ્રી શ્વેતાબેન પટેલ તથા ટ્રસ્ટીશ્રી -કામાક્ષીબેન , ઘનશ્યામસિંહ વાંસદિયા અને પ્રદીપસિંહ મહારાઉલજી તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાગટાળા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે પાંચીયાસાળ ગામે

# ચેક પોસ્ટ ઉપરથી ઈક્કો ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ ઝડપી પાડ્યો

• દેવગઢ બારીયા

દેવગઢ બારીયા તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો. જે દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા નાઓએ પ્રોહી લીસ્ટેડ બુટલેગરો તેમજ પ્રોહીની ગેરકાયદેસર રીતેની પ્રવૃતી સાથે સંકળાયેલ ઈસમો ઉપર જરૂરી વોચ તપાસ રાખી પ્રોહી તેમજ જુગારના ગણનાપાત્ર કેશો શોધી કાઢી અસરકારક કામગીરી કરવા તા. ૨૨/૧૨/૨૦૨૫થી તા.૦૧/૦૧/૨૦૨૬ સુધી જીલ્લામાં વાહન ચેકીંગ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય જે અનુસંધાને સાગટાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.બી. પરમાર નાઓએ તમામ બીટ અને આઉટ પોસ્ટના ઈન્ચાર્જ અને સર્વેલન્સ સ્કોડ નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગમાં રહી વાહન ચેકીંગની કામગીરી કરી પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન આઉટ પોસ્ટના કોન્સ્ટેબલ ચુનીલાલ માલાભાઈ નાઓને ચોક્કસ માહીતી મળેલ કે, ભુતપગલા ગામનો રાજેન્દ્ર કલસીંગ બારીઆ એમ.પી. ના કાછલા ગામના ઈન્દુભાઈ પુનીયા તોમરની પાસેથી ઈગ્લીશ દારુનો જથ્થો ઈક્કો ગાડી નં- GJ.17.BN. 2303માં ભરાવી લઈ મીઠીબોર




સીંગળાજા પાંચીયાસાળ થઈ તેના ગામે જવા નીકળનાર છે. જે માહીતી આધારે પાંચીયાસાળ ગામે ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગ તેમજ બાતમીવાળી ઈક્કો ગાડીની વોચ તપાસમા હતા. તે દરમિયાન બાતમી વાળી ઈકકો ગાડીનો ચાલક ડ્રાઈવર પોલીસને વોચમા ઉભેલી જોઈ તેની ઈક્કો ગાડી ચેક પોસ્ટની નજીકમા ઉભી કરી નાશી ગયેલ તે પછી તેની ઈક્કો ગાડી ચેક કરતા ઈક્કો ગાડીમાંથી ભારતીય બનાવટના ઈગ્લીશ દારૂના ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કીના ૧૮૦ મી.લી.ના પ્લાસ્ટીકના ક્વાટર નંગ- ૧૨૦૦ જેની કિ.રૂ.૨,૫૩,૨૦૦/- નો ઝડપી પાડી બે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી. ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ :- વોન્ટેડ :- (૧). રાજેન્દ્રભાઈ કલસીંગભાઈ બારીઆ રહે. ભુતપગલા ટેકરી ફળીયા તા. દેવગઢ બારીઆ જી.દાહોદ

# આઠ વર્ષ અગાઉના મારામારીના 2 ચકચારી કેસના તમામ આરોપીઓને કાલોલ કોર્ટે નિર્દોષ જાહેર કરી છોડી મુક્યા

• કાલોલ

વર્ષ ૨૦૧૭માં કાલોલ ની કાશીમાબાદ સોસાયટી પાસે પાયલોટ હોટલના સંચાલકો દ્વારા પોતાની હોટલમાં વપરાતા લાકડા તથા હોટલ નો કચરો ફરિયાદીના હિન્દુસ્તાન ઑટો ગેરેજ નામના કેબીન પાસે નાંખતા તમારી હોટલનો કચરો મારા કેબીન તરફ કેમ નાખો છો તેમ ફરિયાદી વસીમભાઈ ઈદ્રીસ જુજારા દ્વારા કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ ફારુક ઈસ્માઈલ દાઉદ, અશરફ સલીમ ઘાંચી, હારૂન ઈસ્માઈલ દાઉદ અને મહમદ ઈસ્માઈલ દાઉદ દ્વારા ગાળો બોલી ફારુકે પાઈપ જેવું મારેલ જે જમણા હાથે વાગેલ હારુને ગદડા પાટુનો માર માર્યો અને કાર નો કાચ પાવડા વડે ફારુકે તોડ્યા હોવાની જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાનું વિગતે ફરિયાદ નોંધાવી હતી જે બાદ ફારુક ઈસ્માઈલ દાઉદ, અસફાક ફારુક ઈસ્માઈલ દાઉદ, સાયરાબાનું ફારુક ઈસ્માઈલ દાઉદ સામે પણ ગદડા પાટુનો માર માર્યો અને ફરિયાદીને જમણા હાથ નાપંજાના ભાગે ઈજાઓ પહોંચાડી હોવાનું જણાવેલ બન્ને કેસ કાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ એસ એસ પટેલ ની કોર્ટ મા ચાલી જતા આરોપી તરફે એડવોકેટ પી એમ શેખ હાજર થયા હતા અને મહત્વની હકીકત ઊલટ તપાસમાં બહાર આવી હતી કે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે જમીનની તકરાર ચાલતી હતી અને સામ સામે કેસ કરેલ હોવાનું બહાર આવ્યું હતુ.

ઈજાગ્રસ્ત ની સારવાર કરનાર ડોકટર ની ઉલટ તપાસમાં ઈજાગ્રસ્ત પોલીસ યાદી વગર સારવાર માટે આવ્યા હોવાનુ તેમજ દર્દીને કોણે કયા સાધનથી ઈજા કરેલી, કેટલા સમય પહેલા કરેલી તે હિસ્ટ્રી માં બતાવેલ નથી તેવી હકીકત ખુલી હતી. કાચ તોડયાનુ કોઈ પંચનામું કર્યું નથી અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ પણ નથી પણ ફરીયાદ પક્ષના ઘરના જ સભ્યો જેઓ ગોધરા રહે છે તે સાહેદ તરીકે છે, બનાવવના દિવસે કોઈ ગાળાગાળી, મારામારી થઈ નથી. ફરિયાદ લેટ કરવા નો કોઈ ખુલાસો નથી પંચો હોસ્ટાઇલ થયા છે,આરોપી તરફે એડવોકેટ પી એમ શેખની દલીલો આધારે કાલોલ ના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ એસ એસ પટેલ દ્વારા ફરિયાદ પક્ષ આરોપીઓ એ તેમના ગેરકાયદેસર કૃત્ય ને કારણે નુકશાન કર્યુ હોવાનું પુરવાર કરી શકેલ ના હોય બન્ને કેસના તમામ આરોપીઓ ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

## રાશીફળ (તા.25-12-2025)

- **મેષ (અ.લ.ઈ)** – આજનો દિવસ આનંદ અને સફળતા લાવનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની ચર્ચા ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ભાઈઓનું પણ પૂરું સહકાર મળશે.
- **વૃષભ (બ.વ.ઉ)** – વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં બદલાવ લાવવો જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમના દ્રષ્ટિકોણથી વિચારવું યોગ્ય રહેશે.
- **મિથુન (ક.છ.ઘ)** – મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવનમાં કેટલાક સકારાત્મક બદલાવ આવશે.
- **કર્ક (ડ.હ)** – કર્ક રાશિના લોકો માટે આજે વ્યવસાયમાં લાભના અવસર મળશે. પૈસા સંબંધિત કામોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની પોઝિશન સુધારવાની જરૂર છે.
- **સિંહ (મ.ટ)** – સિંહ રાશિના લોકો માટે આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે કોઈ મતભેદ થઈ શકે. ભૂતકાળની ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં બદલાવ લાવશો, જે ખૂબ જ લાભદાયક રહેશે.
- **કન્યા (પ.ઠ.ણ)** – કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ સારો રહેશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. ઘરમાં સભ્યો વચ્ચે પ્રેમપૂર્ણ વાતાવરણ રહેશે. કોઈ મિત્રની મુલાકાતથી જૂની યાદો તાજી થશે.
- **તુલા (ર.ત)** – તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમને તમારી અટકેલી રકમ મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત શુભ સમાચાર મળી શકે છે.
- **વૃશ્ચિક (ન.ય)** – વૃશ્ચિક રાશિના લોકોને આજનો દિવસ મુશ્કેલીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** – ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કડક વાતને ગેરસમજી શકે છે, એટલે સંવાદ શાંત રાખો.
- **મકર (ખ.જ)** – આજનો દિવસ મકર રાશિના લોકો માટે સારો રહેશે. જીવનસાથી સાથે ફરવા જઈ શકો અને એકબીજા સાથે સારો સમય વિતશો.
- **કુંભ (ગ.શ.સ.ષ)** – આજના દિવસે તમે કોઈ મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.
- **મીન (દ.ચ.ઝ.થ)** – મીન રાશિના લોકોને આજે આનંદ મળશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં જીવનસાથી સાથે સમજણ અને નજીકીઓ વધશે.

# વિરમગામમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

વિરમગામ - વિરમગામ શહેરમાં તબીબી ડિગ્રી વગર પ્રેક્ટિસ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા એક શખ્સને અર્બન હેલ્થ સેન્ટર અને ટાઉન પોલીસે ઝડપી પાડયો છે. ભરવાડી દરવાજા બહાર ભાડાની દુકાનમાં 'શિવ શક્તિ ક્લિનિક' ચલાવતા પિન્ટુ રામજીભાઈ ઠાકોર (રહે. ડાંગરવા, તા. દેત્રોજ) સામે બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી.આ દરોડા દરમિયાન ક્લિનિકમાંથી એલોપેથિક દવાઓ અને ઈન્જેક્શન સહિતનો જથ્થો મળી આવ્યો હતો. સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવેલી તપાસમાં આરોપી પાસેથી કોઈ પણ માન્ય મેડિકલ ડિગ્રી મળી આવી નહોતી. પોલીસે ક્લિનિકમાંથી એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન, બોટલો અને અન્ય મેડિકલ સાધન-સામગ્રી મળી કુલ રૂ. ૨૦,૩૩૧ નો મુદ્દામાલ કબજે કર્યો છે. વિરમગામ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, વિરમગામ, માંડલ અને દેત્રોજ પંથકમાં ડિગ્રી વગરના બોગસ ડોક્ટરોનો રાફડો ફાટયો છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આવા લેભાગુ તત્વો ગેરકાયદે પ્રેક્ટિસ કરી લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. આરોગ્ય વિભાગની આ કાર્યવાહીથી આવા બોગસ ડોક્ટરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# રજૂઆત કરવા આવેલા ગ્રામજનોને પોલીસ મથકમાં પ્રવેશવા ન દેતા રોષ

ધ્રાંગધ્રા - ધ્રાંગધ્રા તાલુકાના નવલગઢ ગામમાં લાંબા સમયથી ચાલી રહેલા દેશી દારૂના ગેરકાયદે વેચાણ અને બૂટલેગરોના કારણે ગામમાં અશાંતિ અને અસુરક્ષાનું વાતાવરણ સર્જાતા મોટી સંખ્યામાં લોકો ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, ન્યાયની આશાએ આવેલા ગ્રામજનોને પોલીસ મથકમાં પ્રવેશબંધી કરી અપમાનિત કરવામાં આવ્યા હોવોનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે જ્યારે પણ દારૂના અડ્ડાઓ સામે અવાજ ઉઠાવવામાં આવે છે, ત્યારે બૂટલેગરો ખોટી એટ્રોસિટીની ફરિયાદો કરી નાગરિકોને ડરાવે છે. સ્થાનિક પોલીસ દ્વારા બૂટલેગરોને છાવરવામાં આવતા હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. રજૂઆત કરવા ગયેલા ગ્રામજનોના જણાવ્યા મુજબ, પીએસઆઈ ડી.એચ. ચૌહાણે તેમની વાત સાંભળવાને બદલે ગેરવર્તન કર્યું હતું અને પોલીસ સ્ટેશનમાં પ્રવેશ આપ્યો નહોતો. આ વલણથી રોષે ભરાયેલા લોકોએ પોલીસ સ્ટેશન બહાર ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગ્રામજનોએ જિલ્લા પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી માંગ કરી છે કે ગામમાંથી દારૂના અડ્ડાઓ તાત્કાલિક નાબૂદ કરવામાં આવે. સાથે જ, જે અધિકારીઓ બૂટલેગરોને સહયોગ આપી રહ્યા છે તેમની સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે.



# અંકલેશ્વરમાં જામશે મેળાની મોજ: 23મો JCI ટ્રેડ ફેર શરૂ

## સામાજિક સેવા માટે ફંડ એકત્ર કરાશે

• અંકલેશ્વર

અંકલેશ્વરના યોગી એસ્ટેટ સ્થિત વૃંદાવન પાર્ટી પ્લોટ ખાતે જે.સી. આઈ. અંકલેશ્વર અને અંકલેશ્વર જુનિયર ચેમ્બર વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા આયોજિત ૨૩મા 'JCI ટ્રેડ એન્ડ ફન ફેર'નો ઝાકઝમાળ પ્રારંભ થયો હતો. આ મેળો આગામી ૨૯ ડિસેમ્બર સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે, જેમાં મનોરંજનની સાથે પરોપકારનો ઉમદા હેતુ જોડાયેલો છે.

આ ફન ફેરનું ઉદ્ઘાટન ઝોન પ્રેસિડેન્ટ લલિત બલદાનીયા, મામલતદાર કરણસિંહ રાજપૂત અને એ.આઈ.એ. (AIA) પ્રમુખ વિમલ જેઠવાના હસ્તે દીપ પ્રાગટ્ય અને રિબન કાપીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોએ જે.સી. આઈ.ની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

મેળામાં મુલાકાતીઓ માટે વિવિધ પ્રકારના કમર્શિયલ સ્ટોલ્સ, સ્વાદિષ્ટ વાનગીઓના ફૂડ સ્ટોલ અને બાળકોથી લઈને મોટેરાઓ માટે રોમાંચક રાઈડ્સનું આયોજન કરવામાં આવ્યું છે. મેળાના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા અને શિયાળાની ગુલાબી ઠંડીમાં મેળાનો આનંદ માણ્યો હતો.

આ આયોજનની સૌથી મોટી વિશેષતા એ છે કે, આ ફન ફેર દ્વારા જે કંઈ પણ આવક કે ધનરાશિ એકત્ર થશે, તેનો ઉપયોગ જે.સી.આઈ. દ્વારા વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે. આમ, અંકલેશ્વરવાસીઓનું મનોરંજન જરૂરિયાતમંદો માટે સહાયરૂપ બનશે.

# શાસ્ત્રીય સંગીતમાં ભરૂચનો દબદબો: 52માં યુવા મહોત્સવમાં નર્મદા કોલેજના દેવ શુક્લાએ પ્રથમ ઈનામ મેળવ્યું

• ભરૂચ

વલસાડ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) દ્વારા આયોજિત પરમાં યુવા મહોત્સવમાં ભરૂચની નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સના તેજસ્વી વિદ્યાર્થી દેવ આર. શુક્લાએ શાસ્ત્રીય ગાયન (Classical Vocal) સ્પર્ધામાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજ અને ભરૂચ જિલ્લાનું નામ રોશન કર્યું છે.

યુનિવર્સિટીસંલગ્નદક્ષિણગુજરાતની નામાંકિત કોલેજોના અનેક સ્પર્ધકો વચ્ચે યોજાયેલી આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેવ શુક્લાએ પોતાની રાગદારી અને ગાયકીના કૌશલ્યથી નિર્ણાયકોના દિલ જીતી લીધા હતા. શાસ્ત્રીય સંગીતના ઊંડાણ અને આત્મવિશ્વાસપૂર્ણ પ્રદર્શનના જોરે તેમણે પ્રથમ ઈનામ પોતાના નામે કર્યું હતું.

દેવ આર. શુક્લા પ્રખ્યાત શાસ્ત્રીય સંગીત ગુરુ શ્રી સુકેતુ ઠાકોરના શિષ્ય છે. તેમની આ સફળતા પાછળ ગુરુના સચોટ માર્ગદર્શન અને દેવની વર્ષોની સખત રિયાઝ તથા સમર્પિત સાધના જવાબદાર છે. આ સિદ્ધિથી ભરૂચની સંગીત પરંપરાનું નામ પણ સમગ્ર સાઉથ ગુજરાતમાં ગુંજતું થયું છે.

નર્મદા કોલેજના આચાર્ય, પ્રાધ્યાપકો અને સ્ટાફગણે દેવ શુક્લાની આ વિશિષ્ટ ઉપલબ્ધિને બિરદાવી તેને અભિનંદન પાઠવ્યા છે. કોલેજ મેનેજમેન્ટે પણ દેવ અને તેના ગુરુને શુભેચ્છા પાઠવી, દેવ આગામી સમયમાં રાષ્ટ્રીય ફલક પર ઝળકે તેવી આશા વ્યક્ત કરી છે.

**ભાવદર્શન** સંબંધી સ્નેહીજનો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું

# શ્રીમતિ એચ એચ એમ રાઠોડ ઉ.બુ. સરસ્વતિ મા અને ઉ.મા વિદ્યાલય મેજરપુરા માં ભાવદર્શન કાર્યક્રમ યોજાયો

## શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત થી તમામ મહેમાનો નું સ્વાગત કરવામાં આવ્યું

• પ્રતિનિધિ દિપક પુરબીયા

શ્રી રાજપુત કેળવણી સહાયક મંડળ પાલનપુર સંચાલિત શ્રીમતિ એચ એચ એમ રાઠોડ ઉ.બુ. સરસ્વતિ વિદ્યાલય મેજરપુરા ખાતે મદદનીશ શિક્ષક અને ઈન્ચાર્જ આચાર્ય પ્રભાતભાઈ દેસાઈ નો વય નિવૃત્ત થતા ભાવ દર્શન કાર્યક્રમ યોજાયો હતો આ શાળામાં 38 વર્ષ જેટલી લાંબી સેવાઓ આપતા શાળા પરિવાર તેમજ ગ્રામજનો દ્વારા ભાવદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત થી તમામ મહેમાનો નું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ બાળાઓ દ્વારા પુષ્પગુચ્છ તેમજ પુસ્તક દ્વારા તમામ મહેમાનો નું સ્વાગત કરવામાં આવેલ મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યકમ ની શરૂઆત કરવામાં આવી હતી, શાળા દ્વારા સન્માન પત્ર શ્રીફળ શાલ તેમજ ગિફ્ટ આપી શિક્ષક નું સન્માન કરવામાં આવ્યું હતું તે જ રીતે પ્રાથમિક શાળા દ્વારા પણ ગિફ્ટ તેમજ સાલ ઉઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મેજરપુરા ગ્રામજનો દ્વારા શિક્ષક પ્રભાતભાઈ દેસાઈ ને સોનાની ચેન તેમજ ગોગા મહારાજની મૂર્તિ , શ્રીફળ , શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ



શિક્ષકના સગા સંબંધી સ્નેહીજનો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું સમારંભના અધ્યક્ષમદારસિંહ સી. હડિયોલ પ્રમુખ રાજપૂત કેળવણી સહાયક મંડળ, પાલનપુર,મુખ્ય મહેમાનલક્ષ્મણસિંહ એ. રાઠોડ પૂર્વ પ્રમુખ રાજપૂત કેળવણી સહાયક મંડળ, પાલનપુર,જે. વી. દેસાઈઅધિક કલેક્ટર નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આણંદ, હેમરાજભાઈ વી. દેસાઈ ભુવાજી ,ઈશ્વરભાઈ જી. દેસાઈ ,બાબુભાઈ એમ. દેસાઈ નિવૃત્ત મદદનીશ ઈજનેર પાટણ, જવાનસિંહ હેદુજી રાઠોડ (દાતા શાળા મકાન ભવન મેજરપુરા હાઈસ્કૂલ,કરશનજી તખાજી ભાટી દાતા ભોજનકક્ષ છાત્રાલય મેજરપુરા,ગુલાબસિંહ ચતરાજી ભાટી દાતા છાત્રાલય ભવન, મેજરપુરા,હેમુજી જી. સોલંકી (પૂર્વ આચાર્ય મેજરપુરા હાઈસ્કૂલ, શ્રીમતી ચેતનાબા પરબતસિંહ ચૌહાણ સરપંચ ગ્રામ પંચાયત, મેજરપુરા,આભાર વિધિ ડેરીના મંત્રી જગતસિંહ જે હડિયોલ એ કરી હતી શાળાના આચાર્ય જસવંતસિંહ પી રાજપૂત તથા શાળા સ્ટાફ તથા ગામના યુવાનો દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

બોટાદમાં 175 મો શતામૃત મહોત્સવ નો દબદબાભેર પ્રારંભ...

# બોટાદના ઈતિહાસની સહુથી મોટી શોભાયાત્રા નિકળી, હજારો લોકો ડી.જે.ના તાલ સાથે ઝૂમ્યા

**ઝૂમી ઊઠ્યા** પૂજ્ય નિત્યસ્વરુપદાસજી સ્વામી ના મધુર કંઠે કથાવાર્તા નો અનેરો લાભ હજારો હરિભક્તો લેશે



• વિપુલ લુહાર,બોટાદ

બોટાદ શહેરના ઈતિહાસમાં સહુથી મોટી શોભાયાત્રા સાથે દબદબા પૂર્વક ચરણારવિંદ શતામૃત મહોત્સવનો શુભારંભ થયો છે. બોટાદ શહેરમાં નાગલપર દરવાજા પાસે સ્વામિનારાયણ મંદિરનો 175 મો શતામૃત મહોત્સવ ને લઈને બોટાદ શહેરમાં ગઢડા રોડ ઉપર 175 મો શતામૃત મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો છે.સ્વામિનારાયણ મંદિરમાં સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી હવેલી તેમજ ચરણારવિંદની સુવર્ણ છત્રીનું પ.પૂ. સદગૂરૂ નિત્યસ્વરુપદાસજી સ્વામી તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના વરીષ્ઠ સંતોના વરદ હસ્તે ભવ્ય ઉદ્ઘાટન થયું. તે ઐતિહાસિક પળના સાક્ષી બનવા હજારોની સંખ્યામાં હરિભક્તોની જનમેદની ઉમટી પડી હતી. ઉત્સવના પ્રારંભમાં જ વિશાળ સભામંડપ ભરચક થઈ ગયો હતો.તમામના હૃદયમાં અતિશય હર્ષોલ્લાસનો દિવ્ય અનુભવ થતો હતો.પૂજ્ય નિત્યસ્વરુપદાસજી સ્વામીએ આ મહોત્સવ અંતર્ગત પોતાની અનોખી ભાવવાહી શૈલીમાં સત્સંગિજીવન કથાનો શુભારંભ કર્યો છે.જે કથા 31 ડીસેમ્બર સુધી દરોજ બપોરે 3 થી 6 અને રાત્રે 8 થી 11 વાગ્યા સુધી પૂજ્ય નિત્યસ્વરુપદાસજી સ્વામી ના મધુર કંઠે કથાવાર્તા નો અનેરો લાભ હજારો હરિભક્તો ને મળશે. મહોત્સવ માં દરરોજ સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક વિધ્વાન વરીષ્ટ સંતો પધારી હજારો હરિભક્તોને રૂડા રૂડા આશીર્વાદ પાઠવશે.સાથે આ મહોત્સવમાં વડતાલ ગાદીના આચાર્ય મહારાજ પૂજ્ય રાકેશપ્રસાદજી મહારાજ પણ ખાસ મહોત્સવમાં પધારશે.આ દિવ્ય અને ભવ્ય ઉત્સવમાં હજારો ભક્તો ઉમટી પડશે અને આ દિવ્ય ક્ષણના સાક્ષી બનશે..સાથે મહોત્સવમાં ભવ્ય લોકમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેમાં પણ રાત્રે હજારો લોકો મેળાની મોજ માણવા ઊમટી પડશે..

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના નાના પંચ હેઠળ આવેલા ઘડિયા ગામના

# મુરાવત ફળિયામાં આજે ગટર લાઈનના કામનો સત્તાવાર આરંભ કરવામાં આવ્યો

• દિપક પરમાર ઘડિયા

લાંબા સમયથી સ્થાનિક રહેવાસીઓ દ્વારા ગટર વ્યવસ્થાની માંગ કરવામાં આવી રહી હતી, જેને ધ્યાને લઈ પંચાયત દ્વારા આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.આ ગટર લાઈનનું કામ શરૂ થતાં જ ફળિયામાં સ્વચ્છતા સુધરશે, વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થશે તેમજ ગંદા પાણીથી થતી બીમારીઓમાં ઘટાડો થશે. અગાઉ ગટર વ્યવસ્થા ન હોવાને કારણે રહેવાસીઓને અનેક તકલીફોનો સામનો કરવો પડતો હતો, ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ગંભીર બની જતી હતી.આ વિકાસ કાર્ય ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને સંબંધિત વિભાગના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે. કામની ગુણવત્તા જળવાઈ રહે તેમજ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે અધિકારીઓ દ્વારા યોગ્ય દેખરેખ રાખવામાં આવશે. ગટર લાઈનના કામના પ્રારંભ પ્રસંગે ગ્રામજનોમાં આનંદ અને ઉત્સાહ



જોવા મળ્યો હતો. ગ્રામજનોએ આ વિકાસાત્મક કાર્ય બદલ પંચાયતના પ્રતિનિધિઓ અને વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કામગીરીથી મુરાવત ફળિયામાં સ્વચ્છ, સ્વસ્થ અને સુવ્યવસ્થિત પરિસ્થિતિનું નિર્માણ થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

# નર્મદાનાં તિલકવાડાની દેવલીયા ચોકડી પાસેથી જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટીની રેડ

• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદા જીલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબુદી માટે જિલ્લા ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા તાજેતરમાં જ તિલકવાડા તાલુકામાં દેવલીયા ચોકડી વિસ્તાર ખાતે ટાસ્કફોર્સ દ્વારા રેડ કરવામાં આવી હતી. આ રેડ દરમ્યાન એક બાળશ્રમિકને મુક્ત કરાવાયું હતું. તિલકવાડા તાલુકામાં દેવલીયા ચોકડી વિસ્તારમાની એક સંસ્થામાં રેડ કરતાં સંસ્થા ઝમ ઝમ તવા ફ્રાય અને ચાઈનીઝ, ત્રિમૂર્તિ પેટ્રોલિયમની સામે, દેવલીયા ચોકડી, દેવલીયા ખાતે એક બાળશ્રમિક પાસે બાળ મજૂરી નું કામ કરાવવામાં આવતું હતું. જેની જિલ્લા ટાસ્કફોર્સ સમિતિનાસભ્યોદ્વારાપ્રાથમિકપુછપરછ દરમ્યાન બાળશ્રમિક હોવાનું જણાઈ આવ્યું હતું. આથી તે બાળશ્રમિકને બાળ મજૂરીમાંથી મુક્ત કરાવી કાર્યવાહી કરી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજપીપળા-નર્મદા ખાતે સાળસંભાળ માટે સોપવામાં આવ્યું હતું. કામે રાખનાર સંસ્થાના માલિક સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર કામગીરીમાં નર્મદાના ઈ.ચા સરકારી શ્રમ અધિકારી, અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, નર્મદા માંથી સામાજીક કાર્યકર તેમજ રાજપીપલા પોલીસ સ્ટેશન તરફ થી પોલીસ કોન્સ્ટેબલ અને ગ્રામ વિકાસ ટ્રસ્ટ, ભરૂચ તરફથી પ્રોજેક્ટ કો-ઓડીનર દ્વારા સંસ્થાના માલિક સામે તિલકવાડા પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર સહિતની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીરે કામની વ્યસ્તતા અને વિવિધ જવાબદારીઓના કારણે ઉપાધ્યક્ષ પદેથી આપ્યું રાજીનામું: પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

• ગાંધીનગર

પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીરે કામની વ્યસ્તતા અને વિવિધ જવાબદારીઓના કારણે ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું છે. આજે ગાંધીનગર ખાતે તેમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીને તેમના નિવાસ સ્થાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં રાજીનામું સોપ્યું હતું. આ રાજીનામાનો વિધાનસભાના અધ્યક્ષશ્રીએ સ્વીકાર કર્યો હતો. પ્રવકતા મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, શ્રી જેઠાભાઈ આહીર અમારા સંનિષ્ઠ સહકારી આગેવાન છે અને તેઓ પંચમહાલ ડેરી, નાફેડ સહિત અન્ય સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જેથી કામના ભારણ અને વ્યસ્તતાના લીધે અગાઉ ઘણી વખત પક્ષમાં રજૂઆત કરી હતી. આથી પક્ષ દ્વારા તેમની રજૂઆતને ગ્રાહ્ય રાખીને રાજીનામું સ્વીકારવામાં આવ્યું છે. શ્રી જેઠાભાઈએ આજે રાજીખુશીથી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સ્વેચ્છાએ આ રાજીનામુ આપ્યું છે. તેઓશ્રી સહકારી આગેવાન સાથે હાલ ધારાસભ્ય પણ છે એટલે એ જવાબદારી સુપેરે નિભાવશે. આ ઉપરાંત શ્રી જેઠાભાઈનું માર્ગદર્શન પક્ષમાં, જાહેર જીવનમાં અને સહકારી ક્ષેત્રે આગેવાન તરીકે જ્યારે જરૂર પડે ત્યારે સદૈવ મળતું રહેશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

હાઈકોર્ટના નિર્ણય ને રાજવીએ ખોટો ગણાવ્યો

# 850 વર્ષથી ચાલતી અષ્ટમી પૂજા પર રોક, સુપ્રીમ કોર્ટ જવાની તૈયારી

• પ્રતિનિધિ લક્ષમણ ઝાલા

દાંતાના રાજવી પરિવારે હાઈકોર્ટના સનાતન ધર્મ વિરુદ્ધના નિર્ણયને ખોટો ગણાવ્યો છે. રાજવી પરિવારે જણાવ્યું કે તેઓ આ નિર્ણય સામે ડબલ બેન્ચ અને જરૂર પડ્યે સુપ્રીમ કોર્ટ સુધી લડત આપવા તૈયાર છે. આ નિર્ણય 850 વર્ષથી વધુ સમયથી ચાલતી અષ્ટમી પૂજા પર રોક લગાવે છે. રાજવી પરિવાર અનુસાર, આ અષ્ટમી પૂજા 111 વિક્રમ સંવતથી એટલે કે 40 પેઢીઓથી ચાલી આવે છે. આ પૂજા વર્ષમાં માત્ર એક જ વખત કરવામાં આવે છે, જેમાં પરિવાર સાથે સર્વધર્મના લોકો હવનમાં ભાગ લે છે રાજવીએ કહ્યું કે, 'અમારા પૂર્વજોએ મંદિર



માટે બલિદાન આપ્યું છે. અમે હજુ આ નિર્ણયનો અભ્યાસ કરી રહ્યા છીએ અને ન્યાય માટે સુપ્રીમ કોર્ટ સુધી જઈશું.' તેમણે હિન્દુત્વની સરકારને પણ અપીલ કરી કે હિન્દુ ધર્મને પ્રતિબંધિત ન કરે રાજવીએ ભારપૂર્વક જણાવ્યું કે આ આસ્થા ફક્ત તેમના પરિવાર પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર સમાજ અને સર્વ સમાજના લોકોની છે. તેમણે દાવો કર્યો કે ત્રણ લોકોએ 'હસી મજાકમાં' કોર્ટમાં આ નિર્ણય લઈ લીધો છે રાજવી પરિવારે સ્પષ્ટતા કરી કે તેઓ જ્યારે પૂજા કરે છે ત્યારે મંદિર બંધ રાખતા નથી અને તેમની પૂજા દિવસ દરમિયાન ખુલ્લા મંદિરમાં થાય છે. તેમણે અન્ય વિધિઓ, જેમ કે પ્રક્ષાલન વિધિ કે રાત્રિ પૂજામાં મંદિર બંધ રાખીને VIP અને બહારના લોકોને પ્રવેશ આપવાનો ઉલ્લેખ કર્યો, જે નાગર બ્રાહ્મણો દ્વારા બંધ મંદિરમાં કરવામાં આવે છે.

**સમારોહ** પ્રધાનમંત્રીશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં યુવા છાત્રોના કૌશલ્ય અને જ્ઞાનની મહત્વની ભૂમિકા : શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ યોજાયો

## શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે અને તેમના જીવન નિર્માણની જવાબદારી પણ ઉપાડે એ આચાર્ય



• રાજકોટ

